*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




ગુરુજી! તારા પડયા વિરહ વસમા ઘણા, તારણહાર! થયા નયનોથી દૂર જો;
સેવકને છોડી ગુરુજી! ચાલ્યા ગયા, અંતરમાં તો નિત્ય બિરાજો નાથ! જો.

## ૯૨મી ગુરુ–જન્મજયંતી પ્રસંગે
## પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના
## હૃદયસરોવરમાંથી વહેલાં

# અધ્યાત્મ-અમૃત-ઝરણાં

( ૯૨ અણમૂલાં અધ્યાત્મરત્નોની

ત્રણ રત્નમાળાના ૨૭૬ રત્નો )




* અહીં તો એક જ વાત છે કે ભાઈ! તારા ચૈતન્યના પુંજની નિધિને સંભાળ, બાકી બધું જે થવાનું હશે તે થશે. ૧.

* બહુશ્રુતજ્ઞાનીના હૃદયમાં તીર્થંકરનો વાસ છે, તેથી તીર્થંકર જે કહે છે તે જ તેની વાણીમાં આવે છે. ૨.

( ૪૬ વર્ષ પહેલાંનો પૂજ્ય ગુરુદેવશ્રીનો હૃદયોદ્‌ગાર )

* અબજપતિ માણસ ખીસ્સામાં પાંચ પચીસ રૂપિયા લઈને શાકભાજી લેવા નીકળ્યો, તેને એટલી જ મૂડીવાળો માને, એણે એને ઓળખ્યો જ નથી. તેમ વર્તમાન અલ્પજ્ઞતા અને અલ્પવીર્યવાળો જે આત્માને માને છે, એણે આત્માને ઓળખ્યો જ નથી, આત્માની ત્રિકાળી ધ્રુવ સત્તાને સ્વીકારે એણે જ આત્માને ઓળખ્યો છે. ૩.

* ખરેખર તો જમીનને પગ અડયો જ નથી, જમીનના આધાર વિના જ પગના પરમાણુ ગતિ કરી રહ્યાં છે. અહો! આ તે કઈ દુનિયાની

( અનુસંધાન પાનું ૪ )

# શ્રદ્ધાંજલિ

હે જ્ઞાનપોષક સુમેઘ તને નમું હું,
આ દાસના જીવનશિલ્પિ તને નમું હું.

હે કૃપાનિધિ ગુરુદેવ ! આજ સુધી તો વૈશાખ સુદ બીજ આવતી ને આપની જન્મજયંતી ઉજવવાના ઉલ્લાસની ઉર્મિઓથી અમ ભક્તોના હૃદય નાચી ઉઠતાં. આજ સુધી તો અમ પામર પ્રાણીઓના મહાન ભાગ્યોદયે આપની કલ્યાણવર્ષિણી પ્રત્યક્ષ સમીપતાથી, જેમ પૂર્ણ ચંદ્રના યોગે સમુદ્રમાં ભરતી આવે, તેમ અમ ભક્તોના હૃદયસાગરમાં આનંદની ભરતી ઉછળતી. અહા ! પંચમકાળને ભૂલાવી અમારે માટે ચોથો કાળ ફરી લાવનારા, ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ સાંભળીને અમને સંદેશો પહોંચાડનારા અમારા જીવનસર્વસ્વ કહાનગુરુને આજે આ જન્મજયંતીના સુઅવસરે 'કઈ વિધિ પૂજું, કઈ વિધિ વંદુ' એમ અનેકવિધ ભક્તિભાવભીના ઉર્મિપુષ્પોથી આપને વધાવતાં ને મુક્તિપુરી પહોંચતાં સુધી અમ ભક્તોને સાથે રાખવાના આશીર્વાદ માંગતાં. આપ પણ અમીભરી કૃપાદૃષ્ટિ વરસાવીને અમારા હૃદયને પ્રફુલ્લીત કરતા હતા.

પરંતુ પ્રભો ! અમારા ઓછા પુણ્યોદયે આપના વિરહ પડયા હોવાથી, જે જન્મજયંતીના દિને આપના દીર્ઘાયુની ભાવના ભાવીને હૃદય આનંદવિભોર થતું હતું તેના બદલે આ ૯૨મી જન્મજયંતીના દિવસે અમ ભક્તોના હૃદય વીરહવ્યથા અનુભવી રહ્યા છે.

પ્રભો ! અમારા જીવનસર્વસ્વનો વીરહ આજીવન ભૂલાય એવો નથી, તોપણ ૪૬-૪૬ વર્ષો સુધી આપના કરુણાસાગર હૃદયમાંથી વહેલાં અધ્યાત્મ-અમૃત-ઝરણાંની અમારા હૃદયમાં જે જમવટ થઈ છે, જે સીંચન થયું છે તેનું સ્મરણ-મનન-ચિંતન કરી કરીને તેમજ પ્રવચન સાહિત્ય અને ટેપરૂપી ભાજનમાં ભરેલાં આપના વચનામૃતોથી અમારી અંતર સાધનાને પોષણ આપી આપીને, આપ જ્યારે સૂર્યકીર્તિ તીર્થંકરપણે જન્મ લ્યો ત્યારે અમો સૌ ભક્તો એ જન્મકલ્યાણક ઉજવવાનો અપૂર્વ લાભ લઈને, શાશ્વત ધામમાં આપની સાથો સાથ આવીયે એવી અમારી અંતર ભાવનાને ભાવરૂપે થવાનું બળ આપો એ જ પ્રાર્થના...

-દાસાનુદાસ ભક્તોના કોટીકોટી વંદન

( અધ્યાત્મ–અમૃત–ઝરણાં.....પાનું ૨ થી ચાલુ )

વાત છે! અહો! ખરેખર તો જ્ઞાનસ્વરૂપ આત્મા પરના અવલંબન વિના જ નિરાધારપણે જ કામ કરે છે, એવો પોતાનો સ્વભાવ જાણ્યો, એ પરને પણ એ જ રીતે નિરાધારપણે પરિણમતા જાણે છે. ૪.

* જેમ જમીન જરા ખોદતાં ચરૂની ખાણ નજરે પડે તો કેટલો ખુશી થઈ જાય! બે તસુને અંતરે અંદર ચરૂ પડયા હોય, તો જ્યાં ઉપલું પડ ઉખેડતાં એકલા હીરા જ નજરે પડે છે, તેમ રાગ સાથેની એકતા તોડીને જોવે તો આત્મામાં એકલા હીરા જ ભર્યા છે. જેમ ચરૂ જોતાં ખુશી થાય છે, તેમ આ આત્મામાં હીરાની ખાણ જોતાં આનંદ આનંદ થઈ જાય છે. ૫.

* જેના એક રણકારે કેવળજ્ઞાન લ્યે, એને આ ન સમજાય ઈ વાત કેવી? જેના ઉગ્ર પુરુષાર્થે ક્ષણમાં કેવળજ્ઞાન પ્રગટે, ઈ એમ કહે કે અમને ન સમજાય, અરે! શરમની વાત છે! ઈ તો શરમાવા જેવું છે! ૬.

* એક પર્યાયમાં બીજા બધા દ્રવ્યની પર્યાયનો અભાવ છે. એક પર્યાય અને બીજા દ્રવ્યની પર્યાય વચ્ચે અભાવની વજ્રની શીલા પડી છે. ત્યાં એક પર્યાય બીજી પર્યાયને કરે શું? મારું કોઈ કરે નહીં, હું પરનું કાંઈ કરી શકું નહીં એટલે એને પરની સામું જોવાનું રહ્યું જ ક્યાં? પરની આશા કરવાની રહી જ નહીં. એક પણ વાત યથાર્થ બેસી જાય ને, બસ ખલાસ! ૭.

* સિંહ ચારેકોર ફરતાં હોય ને જેમ ઊંઘ ન આવે, હથીયાર બંધ પોલીસ પોતાને મારવા માટે ફરતી હોય ને જેમ ઊંઘ ન આવે તેમ તત્ત્વ નિર્ણય ન કરે ત્યાં સુધી એને સુખેથી ઊંઘ પણ ન આવે. ૮.

* વારંવાર આ નિર્વિકલ્પ આત્મા નિર્વિકલ્પ આત્મા–એમ વારંવાર સાંભળે છે એનો અર્થ જ એ કે ઈ એને રુચે છે. અંદરમાં વિપરીત માન્યતા ઉપર ઘણ પડે છે સંસ્કારના, ઈ નિર્વિકલ્પ થશે જ. શાસ્ત્રમાં કહ્યું છે ને!–કે સમ્યગ્દર્શનના ધ્યાનથી સમ્યગ્દર્શન થાય છે. ૯.

* બીજાની સાથે લડવું, જીતવું ને બીજાને બીચારાને પાછા પાડવા એ તો કાયરનું કામ છે. આત્મામાં ઊતરવું એ શૂરવીરતા છે. ૧૦.

* સમ્યગ્દર્શન કરવા માટે વારંવાર આની ને આની સ્વાધ્યાય કરવી, મંથન કરવું, વિચાર કરવા. આની ને આની વારંવાર સ્વાધ્યાય કરવાથી નિર્ણય થાય છે અને નિર્ણય થતાં સમ્યગ્દર્શન થાય છે. ૧૧.

* સમ્યગ્દર્શન થયું એટલે અનંત અનંત ક્રોડ રૂપિયાનું દેણું ચુકવાઈ ગયું, માત્ર અડધા રૂપિયાનું દેણું બાકી રહે છે. ૧૨.

* અહો! એણે ચૈતન્યને આળ નાખ્યા છે એથી પરમેશ્વરને પરિભ્રમણ થયું, એની પ્રભુતા હણાઈ ગઈ! ૧૩.

* અહો! દેહ સંસાર અને ભોગથી ચેતતા રહેવા જેવું છે. ૧૪.

* નિજ સ્વરૂપનો ઉપયોગ તે સુખ છે. તે આબાળ–ગોપાળ સૌ કરી શકે છે, એ વિના શાંતિનો બીજો કોઈ ઉપાય નથી. ૧૫.

* બહારની વિપદા એ ખરેખર વિપદા નથી. બહારની સંપદા એ ખરેખર સંપદા નથી. ચૈતન્યનું વિસ્મરણ મોટી વિપદા છે, ચૈતન્યનું સ્મરણ તે જ સાચી સંપદા છે. ૧૬.

* એક અજ્ઞાની છોકરીને છાણનું પોશકું મળતાં જે આનંદ થાય છે તેવો આનંદ ધર્માત્માને છ ખંડની ઋદ્ધિ મળતાં પણ અંતરમાં થતો જ નથી અને તે છોકરીના અંતરમાં છાણના પોશકામાં જે મમતા છે તેટલી મમતા ધર્માત્માને છ ખંડની ઋદ્ધિમાં પણ હોતી નથી. આવું તો આશ્ચર્યકારી સ્વરૂપ જ્ઞાની–અજ્ઞાનીની દશાનું છે. તેને ધર્મી જીવ જ કળી શકે છે. ૧૭.

* સર્વજ્ઞનો નિર્ણય કરવા જાય, આદર કરવા જાય, વિશ્વાસ કરવા જાય, પ્રસંશા કરવા જાય, રુચિ કરવા જાય ત્યાં જ પોતાના સર્વજ્ઞ–સ્વભાવનો નિર્ણય થઈ જાય છે. એ જ પુરુષાર્થ આવ્યો. ૧૮.

* શરીરમાં રહ્યાં, શરીર રહિત અનુભવ કરી લેવો એ જ શાંતિ છે. બીજી કોઈ શાંતિ નથી. ૧૯.

* મેં દુકાનના ધંધા છોડયા, આ છોડયું...આ છોડયું...એ દ્રષ્ટિ જ મિથ્યાત્વને પુષ્ટ કરનારી છે. જે છૂટા જ પડયા છે, એને છોડું એ દ્રષ્ટિ મિથ્યાત્વના આસ્રવને વધારનારી છે. ૨૦.

* જેને કેવળજ્ઞાનની પર્યાયનો મહિમા આવે, જગતના સર્વદ્રવ્યોની (જે પર્યાયો) થઈ, થાય છે, થાશે એ સર્વ પર્યાયોને એક સમયમાં જાણી લે, બધા દ્રવ્યોની પર્યાયોને વર્તમાનવત્ જાણી લે, એવી જ્ઞાનપર્યાયોનું માહાત્મ્ય આવે તેને તેની ધૂન લાગે, અને એવી પર્યાયના ધરનાર દ્રવ્યની ધૂન લાગે, એ ધૂનમાંથી ધ્યાન થઈ જાય છે...જ્ઞાનની આવડી મોટી પર્યાય! એમ જ્ઞાનની પર્યાયની તાકાતનો ભરોસોં કરવા જાય ત્યાં તેને ધ્યાન થયા વિના રહે નહિ, –એની ધૂન પર્યાય ઉપર ન રહેતાં ગુણ ઉપર ધૂન જાય અને એમાં કેવળજ્ઞાનની પ્રત્યક્ષતા થઈ જાય, જેના જ્ઞાનની વર્તમાન એક દશામાં ત્રણકાળની પર્યાયને જાણે. અહો! આ જ્ઞાનની પર્યાયનું આટલું જોર! આટલી જોરદાર! એ જ્ઞાનગુણની ધૂન વિના એને જોર આવે જ નહીં! ૨૧.

* જેમ એક દ્રવ્ય પલટીને અન્ય દ્રવ્યરૂપે ન થાય, ક્ષેત્ર પલટીને અન્યક્ષેત્રપણે ન થાય, તેમ વસ્તુનો પર્યાય પલટીને અન્ય પર્યાયરૂપે થાય જ નહીં. પર્યાય પણ તે સમય પૂરતી વસ્તુ છે. ૨૨.

* હું એક છું શુદ્ધ છું–એવો નિર્ણય કરતાં કરતાં, આવો સ્વભાવનો પાકો નિર્ણય કરતાં જ્યાં નિર્ણય પાકો થઈ ગયો ત્યાં ફડાક વિકલ્પ છૂટી જાય છે. ૨૩.

* અહો કેવળજ્ઞાન લેવામાં કેટલી ધીરજ! કેટલી ધીરજ, ક્ષમા અને સમતા હોય, ત્યારે કેવળજ્ઞાન થાય. નીચે પણ કેટલો નિશ્ચિંત હોય. કેટલી ધીરજ હોય. દ્રવ્યને પહોંચવામાં કેટલી ધીરજ હોય ત્યારે પહોંચી શકે છે. બહારથી બહેરો, બહારથી મૂંગો અને બહારથી આંધળો થઈ જાય છે. ૨૪.

* ધર્મીના શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રની સમીપમાં દ્રવ્ય વર્તે છે, આત્મા વર્તે છે. ધર્મીનું ધ્યેય અને લક્ષ દ્રવ્ય છે, ધ્રુવ છે. સમ્યક્ શ્રદ્ધામાં ચૈતન્યદ્રવ્યનો આશ્રય લીધો છે, પર્યાયનો આશ્રય નથી. તેથી ધર્મીજીવના સમીપમાં દ્રવ્ય વર્તે છે. આશ્રયમાં દ્રવ્ય વર્તે છે. ૨૫.

* જિન સ્વરૂપની વાત સાંભળતાં પણ વીરતા જાગે, તો તેની સંભાળ કરતાં કેટલી વીરતા જાગે! મોસાળમાં લગ્ન ને મા પીરસનાર પછી બાકી શું રહે! તેમ અહીં સત્ય પીરસાય છે. ૨૬.

* સંસારકી ગંધ બિલકુલ આત્મામેં નહીં, આત્મામેં સંસાર હૈ હી નહીં. મિથ્યાત્વ આદિ ભાવ સંસાર હૈ, યે મેરે મેં નહીં–ઐસી રુચિ કરનેસે દૃષ્ટિમેંસે સંસાર છૂટ જાતા હૈ. ૨૭.

* મૈં ચૈતન્ય, રાગકો છુઆ હી નહીં, અંતરકી દૃષ્ટિમેં રાગકા ત્યાગ હૈ. સંસારકા ઉદયભાવકો આત્મા કભી છુઆ હી નહીં. ઐસી ચીજ કો આત્મા કહતે હૈં. ૨૮.

* મહાન–મહાન અનંત અનંત માહાત્મ્ય પૂર્વક નિર્ણય હો જાય, બસ ખલાસ પીછે રાગ આવે તો ભી છૂટા હી છૂટા હૈ. ૨૯.

* મન–ઇન્દ્રિય મંદ હો જાય, પઠન–પાઠન મંદ હો જાય, પણ અંતરકા અભ્યાસસે સમકિતીકા જ્ઞાન બઢતા હી જાતા હૈ. ૩૦.

* આત્માનો વિકલ્પ સહિત સાધારણ મહિમા આવે તે મહિમા ન કહેવાય. અંદરથી રુચે તો વીર્ય ઉછળે, એ ક્યાં ઉછળે છે? સાધારણ ધારણા અને માહાત્મ્ય તો અનંતી વાર આવ્યા. પણ ખરેખરું માહાત્મ્ય અંદરથી આવવું જોઈએ. બાકી જ એ રહી ગયું છે ને! પહેલા માહાત્મ્ય આવે છે અને પછી માહાત્મ્યની ઉગ્રતા થતાં એકાગ્રતા થાય છે. ૩૧.

* બાહ્યની અનુકૂળ સાધન–સામગ્રીથી અંતરમાં સાધન થાય એમ છે જ નહીં. નાક–કાન બંધ કરીને આખા શરીરનું લોચાની જેમ પોટલું બાંધીને ઉપરથી નારકીને ઘણના ઘા મારે તો ધર્મનું સાધન ન થાય એમ છે જ નહીં. એ નારકી અંદરમાં જરા વિચારે ચડતાં અંતરમાં ભેદજ્ઞાન કરી લ્યે છે. બાહ્યની પ્રતિકૂળતા જરાયે નડતી નથી. જરાક શરીર છૂટું હોય તો ઠીક ને બાંધેલ હોય તો ઠીક નહીં એમ છે જ નહીં. ૩૨.

* આત્માના અનુભવની દૃષ્ટિએ તો પુણ્ય એ જ ખરેખર પાપ છે. વ્યવહારે પુણ્ય–પાપમાં ભેદ પાડયો ત્યાં અજ્ઞાનીને હોંશ આવે છે. ૩૩.

* જેમ સંસારમાં જે જાતનું કુશળપણું હોય એ જાતની તેને નિઃશંકતા હોય છે. તેથી તે જાતનું ડામાડોળપણું નથી, તેથી તે જાતની નિઃશંકતામાં શાંતિ છે, તે નિઃશંકતાની શાંતિ બીજાને બતાવી શકાતી નથી, પોતાના વેદનનો વિષય છે. તેમ આત્મજ્ઞાનની જે નિઃશંકતા છે તેને

તેની સાથે શાંતિનું વેદન છે, તે બીજાનો વિષય નથી. આત્મજ્ઞાન હોય છે ત્યાં શાંતિ હોય જ છે, તો જ તેને આત્મજ્ઞાન કહેવાય. આકુળતાવાળા જ્ઞાનને આત્મજ્ઞાન કહેવાય જ નહીં. શાસ્ત્ર કે પરનું જ્ઞાન તે આત્મજ્ઞાન નથી. ૩૪.

* આત્મા આનંદમૂર્તિ છે એને શુભ વિકલ્પથી જરીયે લાભ નથી. એકલો જ્ઞાન-અમૃત સ્વરૂપ જ છે. આહાહા! આ વાત જ ક્યાં હતી! લોકોને કેમ બેસતું નથી! ૩૫.

* શરીર તો અજીવ છે, આસ્રવ તો અણાત્મા છે, અનંતગુણની એક સમયની પર્યાય પણ વ્યવહાર આત્મા છે, નિશ્ચય આત્મા નથી. નિશ્ચય આત્મા શું છે એને જાણ્યા વિના ભ્રમણા રહ્યાં જ કરે, ટળે જ નહીં. ૩૬.

* પરનું કાંઈ પલટાવવું નથી અને સ્વનું પણ કાંઈ પલટાવવાનું નથી એનો નિર્ણય કરતાં દિશા જ પલટી જાય છે...તું જ્ઞાયક છો-એમ નિર્ણય લાવ. જ્ઞાયક જ છે પણ એ જ્ઞાયકનો નિર્ણય કરવાનો છે. ૩૭.

* પુરુષાર્થ કરું કરું, પણ એ પુરુષાર્થ તો દ્રવ્યમાં ભર્યો છે, તો એ દ્રવ્ય ઉપર લક્ષ જાય ત્યાં પુરુષાર્થ પ્રગટે છે, પણ એને કરું કરું કરીને કાંઈક નવીન કાર્ય કરવું છે પણ જ્યારે દ્રવ્ય ઉપર લક્ષ જાય છે ત્યારે બધું જેમ છે તેમ છે-એમ જાણે છે. ૩૮.

* જોડે પ્રભુ બિરાજતાં હોય અને એના દુશ્મનની સાથે વાતુ કરે ઈ પ્રભુ ક્યાંથી પ્રસન્ન થશે? શુભાશુભ ભાવ તો દુશ્મન છે ઈ ગોઠે છે તો પ્રભુ પ્રસન્ન ક્યાંથી થશે? ૩૯.

* ભાઈ આ સત્ય સમજ્યા વિના ત્રણકાળ ત્રણલોકમાં ક્યાંય તારા આરા આવવાના નથી. ચાહે મહાવ્રત પાળ, ચાહે ભક્તિ કરીને મરી જા, ચાહે કરોડો મંદિર બંધાવ, ચાહે ટોકરા વગાડ, પણ તારો આરો આવવાનો નથી. મિથ્યા શ્રદ્ધામાં અનંતા નિગોદના અને નરકના ભવ કરવાની તાકાત છે. ૪૦.

* વૈરાગ્ય તો તેને કહીયે કે પર તરફથી ખસીને જે અંદરની મહાસત્તા તરફ ઢળ્યો છે, પુણ્ય-પાપથી અને પર્યાયથી પણ ખસીને અંદરમાં જવું તે વૈરાગ્ય છે. જેને રાગમાં રહેવું ગોઠતું નથી, પરદ્રવ્યમાં અટકવું ગમતું

નથી, અને જે પર્યાય પ્રગટી એટલામાં જ રહેવું પણ જેને ગોઠતું નથી, ધ્રુવ પાટ પડી છે અંદરમાં એમાં જેને જાવું છે એને તો પર્યાયમાં રહેવું પણ ગોઠતું નથી. ૪૧.

* કોઈને ફાંસીનો ઓર્ડર થયો હોય અને ફાંસી આપવાની રૂમમાં લઈ જાય અને પછી કેવો ધ્રુજવા માંડે! તેમ સંસારના દુઃખથી જેને ત્રાસ ત્રાસ થઈ ગયો હોય એને માટે આ વાત છે ૪૨.

* આત્મ–અનુભવ સિવાઈ બધાં મીંડા છે. લાખ કષાયની મંદતા કરે કે લાખ શાસ્ત્ર ભણે પણ અનુભવ વિના બધાં મીંડા છે અને કાંઈ ન આવડે છતાં અનુભવ થયો તો બધું આવડે છે, જવાબ દેતાં પણ ન આવડે પણ કેવળજ્ઞાન લેશે. ૪૩

* દ્રવ્યલિંગી નવમી ગ્રૈવયેક જનાર જીવને પણ અનાદિ એવા એવા સૂક્ષ્મ શલ્યો રહી ગયા છે કે એનો એને પત્તો જ લાગ્યો નથી. ક્યાંક ક્યાંક નિમિત્તમાં, રાગમાં, સંયોગમાં, અધિકતા આપીને આત્માનો અનાદર જ એણે કર્યો છે. ૪૪.

* થોડું પણ સાચું ગ્રહણ કરે તો તેટલામાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાકાત છે. અને થોડું પણ વિપરીત ગ્રહણ કરે તો તેટલામાં અનંતા નિગોદના ભવ કરવાની તાકાત છે. ૪૫.

* રાગનો, વ્યવહારનો આદર છે તેને પુદ્‌ગલનો જ આદર છે, પુદ્‌ગલનો પ્રવાહ એની સમીપ રહ્યા જ કરે છે. બાહ્ય જ્ઞાનનો આદર કરે છે તે પણ પુદ્‌ગલનો જ આદર કરે છે. એને પુદ્‌ગલની જ સમીપતા રહેશે. ૪૬.

* સ્વભાવનો પાકો પક્ષ થઈ જાય તો ઈ જ્યાં જાય ત્યાં પણ પોતાનું કામ કરી લ્યે છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં પણ કહ્યું છે ને! –કે કાં તો આ ભવે સમ્યક્‌ત્વ પામે છે. નિશ્ચયનયનો પક્ષ જીવને કદી આવ્યો જ નથી એમ કહ્યું છે ને! ઈ પણ એક સ્થિતિ છે એટલે કહેવામાં આવે ને! પણ ઈ (–નિશ્ચયનો પક્ષ) કોને છે ઈ કાંઈ ન કહેવાય. જેટલું કારણ આપે એટલું કાર્ય તો આવે જ ને! એવો જીવ તો આગળ આગળ વધતો જ જાય, ફક્ત વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ અનુભવ જ નથી થયો, પણ શ્રદ્ધા તો પાકી થઈ ગઈ છે. ૪૭.

* જેમ આકાશમાં અગ્નિના ભડકા બળતાં હોય છતાં આકાશને તેની સાથે કાંઈ સંબંધ નથી, તેમ શરીરમાં ગમે તેવા ગુમડાં થાય–ગમે તેવી અવસ્થા થાય તોપણ આકાશ સમાન આત્માને તેની સાથે કાંઈ સંબંધ નથી. ૪૮

* જેમ એક મોટા તપેલામાં આખામાં પાણી ભર્યું હોય તેમાં તેના માપનો જ લાકડાનો દટ્ટો નાખતાં પાણી બધું બહાર નીકળી જાય છે તેમ આત્મામાં સિદ્ધની સ્થાપના કરતાં આત્મામાંથી બધો વિકાર નીકળી જાય છે. ૪૯

* ક્રોધમાં રંગાયેલો કહે કે અમે ક્રોધના જ્ઞાતા છીએ તો એમ નથી, એ તો ક્રોધથી રંગાયેલો છે, જ્ઞાતા નથી. જ્ઞાનથી જે રંગાયેલો છે, એ જ ક્રોધના પરિણામનો જ્ઞાતા છે. ૫૦.

* જેટલી ઉત્તમમાં ઉત્તમ, વિશેષમાં વિશેષ મહિમાવાળી ચીજ છે તે આત્મામાં ન હોય તો બીજા શેમાં હોય? આત્મામાં જ એ બધું ભર્યું છે. આત્મા જ ચંદ્ર, આત્મા જ સૂર્ય છે, આત્મા જ અતીન્દ્રિય જગત ચક્ષુ છે. ૫૧.

* સ્ત્રી. કુટુમ્બ, પરિવાર વિગેરે તો આત્માના દુશ્મન જે કર્મ એણે ઊભા કરેલા કાવત્રા છે, એને પોતાના માનવા એ જ સંસારનું બીજ છે. પુણ્ય–પાપ અને તેના ફળ એ તો આત્માના વૈરી જૈ કર્મ–તેણે ઊભા કરેલા કાવત્રા છે. ૫૨.

* ભાઈ! તું વિશ્વાસ લાવ કે મારા આનંદ આગળ બધી પ્રતિકૂળતા અને આખી દુનિયા ભૂલાઈ જાય એવી વસ્તુ હું છું. ૫૩.

*...પાત્ર થવું કઠણ છે વાતુ કરતાં શીખી ગયો એટલે હું સમજી ગયો એમ માને તો એમ નથી આ તો બાપુ, સમજવું બહુ દુશ્કર છે, કેટલી પાત્રતા, કેટલી સજ્જનતા કેટલી લાયકાત હોય ત્યારે ઈ સમજવાને લાયક થાય. ૫૪.

* જેટલા વિકલ્પો ઊઠે ઈ બધામાં કાંઈ માલ નથી. ઈ બધા દુઃખના પંથ છે, બધા વિકલ્પો હેરાન કરનારા છે એમ એને નિર્ણય થાય તો આત્મા તરફ પ્રયત્ન કરે. ૫૫.

* અહો! જેના આનંદની એક ક્ષણની લહેજતમાં–લહેરકીમાં ત્રણલોકના સુખ વિષ જેવા લાગે, ઝેર જેવા લાગે, તરણા જેવા તુચ્છ લાગે એવો ભગવાન આત્મા છે. ૫૬.

* જેને કેવળીઓ પણ કથી ન શક્યા એ તે ચીજ કેવી છે એમ જરી અંતરમાં પ્રયત્ન કરીને જોવે તો ખરો!–કે આ ચીજ તે છે શું?–કે જેની જ્ઞાનપર્યાય એક ક્ષણમાં અનંતા કેવળીઓને કળી લ્યે છે અને જેના પેટમાં અનંતી કેવળજ્ઞાનની પર્યાયો પડી છે. ૫૭.

* મનુષ્ય પર્યાયની એક એક ક્ષણ મોટા કૌસ્તુભમણિથી પણ કિંમતી છે. એમાં ચોરાશીની ખાણમાંથી નીકળવાનું કરવાનું છે. એક ક્ષણ ક્રોડો અને અબજો રૂપિયાથી પણ અધિક છે. ચક્રવર્તીના છ ખંડના રાજ્યથી પણ એક સમય થોડો મળે છે? એમાં (–મનુષ્ય પર્યાયમાં) આ એક જ કરવા લાયક છે. ૫૮.

* અમારો ચૈતન્ય ઉપયોગ હણાતો જ નથી, હણાય તેને ઉપયોગ જ કહેતાં નથી. પણ પ્રભુ! કેવળજ્ઞાન નથી ને! કેવળજ્ઞાનનું કામેય શું છે? કેવળજ્ઞાનની ખાણ હાથમાં આવી છે તેને કેવળજ્ઞાન આવશે જ...૫૯.

* અહો! એકવાર દેહ–છૂટવાના ટાણાનો વિચાર તો કરે તો એને ખબર પડે કે અરે! આ તે શું રમતું છે! ઓલો (આત્મા) પરમેશ્વર અને સલવાણો આમાં (શરીરમાં) !! ૬૦.

* વહાલો દીકરો મરી ગયો હોય પણ એને નજરે ને નજરે તરવર્યા કરે તેમ સમ્યગ્દ્રષ્ટિને–ધર્મની પ્રથમ ભૂમિકાને પ્રાપ્ત જીવને, પોતાનો ચૈતન્ય ભગવાન નજરે તરવર્યા કરે છે. સમ્યગ્દ્રષ્ટિને ચૈતન્ય ઉપર નજરબંધી થઈ છે. ૬૧.

* બહારમાં નાપાસ થાય ત્યાં એને હીણપ લાગે છે પરંતુ અંદરમાં હીણો પોતાને માને છે ઈ હીણપ છે, પૂરણને હીણો માનવો ઈ જ હીણપ છે. ૬૨.

* આત્માના લક્ષ વિનાના ભણતર લાખ કર ને ક્રોડ કર તોય ઈ વિકલ્પ છે, દુઃખ છે એમાં આત્માનું લક્ષ નથી. ૬૩.

* મનુષ્ય, ધન, પરિવાર સબ કુછ છોડ દેતે હૈ, લેકીન અપની

પુરાની માન્યતા ( મિથ્યાત્વ ) નહીં છોડતા હૈ. જબ કી સબસે પહેલે તો એ માન્યતા છોડને કી હૈ. ૬૪.

* રાગાદિ ને અલ્પજ્ઞતા એ પણ એમાં નથી. એવા શુદ્ધ સ્વરૂપમાત્ર આત્માને જાગીને જો. જાગીને જો, બાપુ ! એ વર્ષ બેસતું છે. ૬૫.

* હમ કિસી કામમેં પડતે હી નહીં. યહાઁ સે જો સાહિત્ય નીકલતે હૈ વે વૈસે હી નીકલતે હૈ. હમ કહીં પડતે હી નહીં. હમ પ્રવચન ભી દૂસરે કે લીયે નહીં દેતે હૈ. જિસકો સમજના હો વો સમજે. હમ જો બહાર નીકલતે હૈં વો ભી દૂસરો કે લીયે નહીં નીકલતે. હમારી યોગ્યતામેં ઐસા રાગ હૈ તો બહાર નીકલના હોતા હૈ. ૬૬.

* જૈસા સત્ હૈ ઐસા જ્ઞાન કરના પડેગા, ઉસકે વિના વસ્તુ જવાબ નહીં દેગી. પોપાબાઈ કા રાજ્ય નહીં હૈં ! ૬૭.

* પહેલાં તો પોતાને વિકલ્પવાળો માનવો અને પછી વિકલ્પને ટાળવાનો પ્રયત્ન કરવો ઈ જ મોટામાં મોટી વિપરીતતા છે, મિથ્યાત્વ છે. પહેલાં વિકલ્પ વિનાનો છું એવી દ્રષ્ટિ કરે પછી વિકલ્પ છૂટે. ૬૮.

* જેમ દેહ છે તે હેય છે પણ છોડયો જતો નથી, તેમ રાગ છે તે હેય છે પરંતુ પુરુષાર્થની નબળાઈથી છોડયો જતો નથી. ૬૯.

* સમકિતી નિર્વિકલ્પકાળે કેવળીની જેમ જ્ઞાતા–દ્રષ્ટા છે, અને વિકલ્પમાં આવે છે ત્યારે પણ જ્ઞાતા–દ્રષ્ટા છે. વિકલ્પ આવે છે ઈ પણ છૂટો જ છે. કેવળી પૂર્ણ જ્ઞાતા–દ્રષ્ટા છે, આ સમકિતી અલ્પ જ્ઞાતા–દ્રષ્ટા છે પણ છે તો બેય જ્ઞાતા–દ્રષ્ટા જ. ૭૦.

* જૈસે છ દ્રવ્યો જગતમેં પડા હૈ ઐસે રાગ–વ્યવહાર ભી જગતમેં પડા હૈ. ( રાગ ) છ દ્રવ્ય કે સાથ તન્મય હૈ, આત્માકે સાથ તન્મય નહીં –ઐસા જ્ઞાની જાનતે હૈ. ૭૧.

* જેમ આખું જગત પડયું છે એને ગ્રહે શું ને છોડે શું ? જ્ઞાની તેમાં પ્રવર્તતો નથી. તેમ રાગ–વ્યવહાર પણ જગતની ચીજ છે તેને છોડે શું ને ગ્રહે શું ? જ્ઞાની તેમાં પ્રવર્તતો નથી. માત્ર ભિન્નપણે જાણે જ છે. ૭૨.

* નરકમાં નારકીને પોટલાની જેમ શરીરની ગાંસડી વાળીને બીજા નારકીઓ શરીરની સોંસરવટ ખીલા નાખે એ ક્ષણે પણ જીવ સમકિત

પામે છે, વિવેક વડે ભેદજ્ઞાન પામે છે અને અહીં બધી અનુકૂળતા હોય છતાં પરથી જુદા પાડવાનો અવસર તને મળતો નથી! ૭૩.

* જે ક્ષેત્રસ્વભાવની કોઈ મર્યાદા નથી તો તેના જાણનારની મહિમા કેટલી? એક સમયમાં ત્રણકાળ–ત્રણલોકને જાણવા છતાં એથી અનંતુ હોય તો જાણી લ્યે, આવા અચિંત્ય સ્વભાવની દ્રષ્ટિ કરે અને વિકલ્પ ન તૂટે ઈ ત્રણકાળમાં ન બને. ૭૪.

* રાગ તો પુદ્‌ગલ પરિણામ છે, પરંતુ ૧૧ અંગ ૯ પૂર્વનું જ્ઞાન પણ પુદ્‌ગલના પરિણામ છે, કારણ કે તેનાથી આત્માની શાંતિ આવી નહીં. શાંતિ આવી નહીં માટે ઈ આત્મા નહીં. આત્મા સાથે તો જ્ઞાનનો આનંદ વ્યાપ્ત છે. આનંદ ન આવ્યો માટે ૧૧ અંગ ૯ પૂર્વનું જ્ઞાન પણ રાગની માફક પુદ્‌ગલના જ પરિણામ છે. આ તો ઉલ્લસીત વીર્યથી જેને પોતાનું કામ કરવું છે તેને માટે આ વાત છે. ૭પ.

* સમ્યગ્દ્રષ્ટિને વિષય–ભોગ એ સમાધિ છે, બોલવું–ચાલવું તે મૌનવ્રત છે, હાલવું–ચાલવું તે યોગાસન છે, જેમનો કટાક્ષ મોક્ષનું કારણ છે, બોલતા–ચાલતા જેમને કર્મ નિર્જરી જાય છે. સમ્યક્‌ત્વનો આવો અટપટો મહિમા છે. ૭૬.

* જ્ઞાની રાગકો અપના માનતે નહીં ઔર આતે હૈ તો ગભરાતે નહીં. રાગકી ખટક આતી હૈ. સમાધાન નહીં હોતા તો બહારકી ભી પ્રવૃત્તિ હુએ બીના નહીં રહેતી. શરીરકી ચેષ્ટા આદિ હોતી હૈ. આ અંદરની ઝીણી વાત છે. ૭૭.

* લાખ વાતની વાત છે કે આત્માનો અનુભવ થાય ને આનંદ આવે ત્યારે એણે આત્માને જાણ્યો કહેવાય. ૭૮.

* બહારથી મરી જાય એને માટે આ ધર્મ છે. બહારથી મારું જીવન નથી, રાગથી અને પરથી જીવન ઈ તો મારું મરણ છે. જે પરથી અને રાગથી મરી જાય તેને માટે આ ધર્મ છે. ૭૯.

* એને કાળ થોડો છે અને કરવાનું કામ ઘણું છે. ૮૦

* પરમાત્મદશા એ પણ દ્રવ્યમાં નથી, એનાથી રહિત છે. આહાહા! દ્રવ્ય ઉપર લક્ષ ગયા વિના એને પ્રતીતમાં જોર આવી શકતું નથી, જોર

આવતું જ નથી. પર્યાયનું લક્ષ છોડીને હું તો આ જ વર્તમાનમાં છું–એમ દ્રવ્યમાં ભળી જાય છે ત્યારે જ પ્રતીતિમાં જોર આવી શકે છે. ૮૧.

* મોક્ષમાર્ગ પ્રકાશકમાં સંવર–નિર્જરા–મોક્ષને હિતરૂપ–પરમહિતરૂપ અને ઉપાદેય કહ્યું છે અને અહીં તો (–નિયમસારમાં) તો આશ્રયની અપેક્ષાએ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય જ એક ઉપાદેય છે. શુદ્ધ પર્યાયો પણ આશ્રય કરવા યોગ્ય નહીં હોવાથી ઉપાદેયરૂપ નથી ૮૨.

* આહાહા! આકરું કામ છે બાપુ! અંદરમાં વૈરાગ્ય! વૈરાગ્ય! આ બધું વીખરાઈ જશે. બહારનું તારામાં નથી ને તારે લઈને આવ્યું નથી. તારામાં ભ્રમણા આવી છે, તેનો નાશ કરવાનો આ કાળ છે. ૮૩.

* કષાયખાના માંડે તો મોટું પાપ કહે પણ મિથ્યાત્વના મોટા પાપની એને ખબર નથી. છન્નું હજારના ભોગના વિકલ્પમાં દેખાતો સમ્યગ્દ્રષ્ટિ ચૈતન્યના ચોસલાની ઉપર દ્રષ્ટિ પડી હોવાથી ચૈતન્યની લગનીમાં પડયો છે! ભોગનો ત્યાગી છે! અને મિથ્યાદ્રષ્ટિ બધું છોડીને બેઠો હોય પણ છોડવા જેવા એક મિથ્યાત્વને છોડયું નથી એ મહાપાપી રાગની લગનીમાં પડયો છે. ૮૪.

* ભગવાન આત્મા જ્ઞાનની લહેરે ઊછળતો; પરના કામ અને રાગના કામ, મારા જ્ઞાતાદ્રષ્ટાના નહીં. એમ દ્રષ્ટિ કરતાં કેવળજ્ઞાનને કાંઠે આવીને ઊભો છે. ૮૫.

* કેવળજ્ઞાન ને કેવળ આનંદ એ આત્માને વ્હાલો છે, પ્રિય છે, ઇષ્ટ છે. કેવળજ્ઞાન થયું એટલે આત્માને એના વ્હાલા મળી ગયા. કેવળજ્ઞાન પ્રિય છે અને એ જેનાથી પ્રગટે એવો આત્મા તે પ્રિયતમ છે. ૮૬.

* રાગ હોવા છતાં સાધકના હૃદયમાં સિદ્ધ ભગવાન કોતરાયેલા છે. ૮૭.

* દિગંબર સંતોએ વસ્તુ કહી છે, બીજો કહી શકે જ નહીં. અન્ય મતમાં આ વાત હોય જ નહીં, કેવળજ્ઞાનના સાધકોએ કેવળીના પેટ ખોલી નાખ્યા છે. ૮૮.

* શુભ ઉપયોગને જે ગાઢપણે અવલંબે છે તે પોતાની શુદ્ધ ઉપયોગ શક્તિનો તિરસ્કાર કરી રહ્યો હોવાથી અનંતકાળ સુધી શારીરિક દુઃખો જ અનુભવે છે. ૮૯.

* આ તો અંતરમાંથી આવેલી વાતુ છે અને એમ જ છે. કુંદકુંદઆચાર્ય અને સીમંધર ભગવાનના ભેટા પ્રત્યક્ષ થઈને આવેલી વાતુ છે. અદ્ધરો–અદ્ધરની વાતુ નથી. એ...આ વાતુ ક્રોડોને અબજો રૂપિયા દેતાં મળે એવી નથી. ચક્રવર્તીના રાજ્ય ડુલે તોપણ મળે એવી નથી ૯૦.

* અત્યારે જેટલા જેટલા સમાગમમાં આવે છે તે મહા ભાગ્યશાળી લાગે છે. સાડાત્રણ માસના વિહાર દરમિયાનનો લોકોનો ઉત્સાહ જોતાં એમ લાગે છે કે શાસનની બહુ વૃદ્ધિ...ઉન્નતિ... ૯૧.

* ચૈતન્ય એકલું જ્ઞાનનું સત્ત્વ છે. તે એવું સત્ત્વ છે કે તેમાં એકાગ્ર થતાં કેવળજ્ઞાન થઈ જાય. બસ એ સત્ત્વ જ એવું છે. ભલે ક્ષેત્ર નાનું હોય. પણ કેવળજ્ઞાન થાય એવું જ સત્ત્વ છે. ૯૨.

* આપણે આપણું કરવું, શરીરનું થવું હોય તે થાય. ૯૩.

* પંચમકાળે પરમેશ્વરના વિરહ! કોણ કહે છે? ના, ના. પરમેશ્વરીપ્રવૃત્તિમેં આયા વો હી પરમેશ્વર હૈ. ૯૩.

* કેટલાંકને એમ થાય કે આ ગજા ઉપરાંતની વાત છે! અરે! ગજા ઉપરાંતની શું? એક સમયમાં કેવળજ્ઞાન લ્યે એટલું એનું ગજું છે. આ તો હાથી ઉપર ફૂલ મૂકવા જેવી હળવી વાત છે. ૯૪.

* જ્ઞાતાસ્વભાવકો રાગકા કામ સોંપના ઉસકા અનાદર હૈ. સિદ્ધ ભગવાનકો કહેના કિ તુમ આકર મેરી દયા કરો, ઐસે જ્ઞાતાસ્વભાવકો રાગ કરના કહેના હૈ. ૯૫.

* કર્મનો ઉદય ભવિષ્યમાં કેવો આવશે એમ નહીં જો! પણ હું ભવિષ્યમાં એવો આવીશ (–થઈશ) કે પુરુષાર્થ લાગુ પડી ગયો તો ક્ષણમાં કેવળજ્ઞાન લાવીશ. ૯૬.

* જેની દ્રષ્ટિમાં મંદરાગમાં લાભ બુદ્ધિ છે તેની દ્રષ્ટિમાં આખા જગતના ભોગો પડયા છે, તે દ્રષ્ટિમાં માંસ ખાઈ રહ્યો છે. ૯૭.

* સમ્યગ્દર્શન થયું એટલે રાગથી અને બંધનથી છૂટાછેડા થઈ ગયા. ૯૮

* ભારે ટૂંકી વાતમાં સમજાવ્યા મહા સિદ્ધાંત, કુંદકુંદાચાર્ય ચૈતન્યસૂર્ય પાક્યા, જગત પાસે કેવળીના કાળજા ખુલ્લા કર્યાં છે. ૯૯

* આ આત્મા આનંદની મૂર્તિ છે આત્મામાં અંતરમાં આનંદ જ ભર્યો છે. એની વાત સાંભળવી એ માંગલિક છે...એની વાત સાંભળવા માટે સ્વર્ગમાંથી ઇન્દ્રો નીચે આવે છે. ૧૦૦.

* કાગળ ઉપરના દીવા ખંડને બાળે નહીં, તેમ એકલા શાસ્ત્રના જ્ઞાને સંસાર બળે નહીં. ૧૦૧

* નરકનો નારકી પણ રાગ મંદ પડતા પૂર્વ ભવનું સ્મરણ થઈ આવતાં, વિચારે ચડતાં જેમ વિજળી પડે ને હડફ નીચે ઊતરી જાય તેમ રાગથી ભિન્ન પડીને ચૈતન્યમાં ઊતરી જાય છે. ૧૦૨.

* જેના જન્મ-મરણની ગાંઠ ગળી નથી એણે જીવનમાં કાંઈ જ કર્યું નથી અને જેણે ગૃહસ્થાશ્રમમાં પણ જન્મ-મરણની ગાંઠ ગાળી નાખી એણે બધું કરી લીધું છે. સિદ્ધ ભગવાન એના હાથમાં આવી ગયાં છે. ૧૦૩.

* અશુભ ઉપયોગ તે સીધો અગ્નિ સમાન બાળનાર છે ને શુભ ઉપયોગ તે ઉષ્ણ ઘી સમાન બાળનાર છે. બંને ઉપયોગ છે તો બાળનાર જ. ૧૦૪.

* વસ્ત્ર શરીરને અડયું નથી. શરીર કર્મને અડયું નથી. કર્મ વિકારને અડેલ નથી. વિકાર નિર્મળ પર્યાયને અડેલ નથી. નિર્મળ પર્યાય દ્રવ્યને અડેલ નથી. આહાહા ! વસ્તુસ્વભાવ સૂક્ષ્મ છે એક પ્રદેશનો બીજા પ્રદેશમાં અભાવ છે. એક ગુણમાં બીજા ગુણનો અભાવ. એક પર્યાયનો બીજી પર્યાયમાં અભાવ છે. વિભાવ વ્યંજન પર્યાયનો સ્વભાવ વ્યંજન પર્યાયમાં અભાવ છે. આ વસ્તુસ્વભાવ સર્વજ્ઞે જેવો જોયો તેવો કહ્યો છે. ૧૦૫.

* રાગ સ્વભાવને સ્પર્શ્યો નથી એ વાત બેઠા વિના નિમિત્ત ઉપાદાનને સ્પર્શતું નથી એ વાત નહીં બેસે. ૧૦૬.

* જેણે પોતાના પર્યાયઅંશની દ્રષ્ટિ છોડીને દ્રવ્યદ્રષ્ટિ કરી એ બીજા દ્રવ્યને પણ એ જ રીતે જોવે છે, એટલે કે અન્ય પદાર્થોને પણ તેની પર્યાયથી જોતા નથી, તેને પણ દ્રવ્યથી જ વસ્તુપણે જ અખંડ દેખે છે. ૧૦૭.

* ખરેખર તો વિકારી પર્યાય પર્યાયને કારણે થાય છે. જ્ઞાયક પ્રભુ એનો પણ જાણનાર દેખનાર છે, અને સંવર-નિર્જરાની પર્યાય પણ પર્યાયને કારણે થાય છે અને મોક્ષની પર્યાય પણ પર્યાયને કારણે થાય છે. મોક્ષમાર્ગને

કારણે મોક્ષ થાય છે, એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર તો પર્યાય પર્યાયની લાયકાતના કારણે થાય છે. ૧૦૮.

* જે ગુણની જે કાળે જે પર્યાય વિપરીત થવાની તે થવાની છે પણ વિપરીત પર્યાયને હેયરૂપ જાણવી જોઈએ. છોડવા–મૂકવાની વાત નથી પણ માન્યતામાં છોડવાની વાત છે. ૧૦૯.

* શુભાશુભભાવમેં પરમાત્મપણાકા ગર્ભ નહીં પડા હૈ કિ પરમાત્મપણા ઉસમેંસે પ્રગટ હોવે પણ ત્રિકાળી ધ્રુવ સ્વભાવ પડા હૈ, ઉસમેં પરમાત્મપણાકા ગર્ભ પડા હૈ, ઉસમેંસે પરમાત્મપણા પ્રગટ હોગા. ૧૧૦.

* આને માટે કાંઈક પાછળ પડવું જોઈએ, પાછળ પડવું જોઈએ, આનું આ રટણ હોવું જોઈએ જાગતા ઊંઘતા પ્રયત્ન જોઈએ. એની રુચિનો પ્રકાર સરખો થવો જોઈએ કહ્યું છે ને આનું કુતૂહલ તો કર! કુતૂહલ તો કરે. ૧૧૧

* પર્યાયની પાછળ આખો મોટો ભગવાન પડયો છે. પર્યાયનું લક્ષ છોડીને અંદરમાં પ્રભુના દર્શન કરે ત્યારે પ્રભુ થાય છે. ૧૧૨.

* પહેલાં આ શ્રદ્ધામાં, જ્ઞાનમાં, રુચિમાં અને લક્ષમાં આવવું જોઈએ, તો એના વીર્યમાં સ્વભાવ સન્મુખની સ્ફુરણા ચાલ્યા કરે. સમ્યક્ પહેલાંની વાત છે. આ જ સમ્યગ્દર્શનનો ઉપાય છે બીજો કોઈ ઉપાય જ નથી. ૧૧૩.

* ટૂંકમાં તો આવું છે કે તારા ધ્રુવ–સ્વરૂપમાં આનંદ ભર્યો છે એમાં દ્રષ્ટિ દે. આકુળતા થાય છે પણ વસ્તુ તો અનાકુળરસ છે એના તરફ દ્રષ્ટિ દે. લાખ વાતની એક વાત છે બધું કોણ ભણતું' તું! આ વાત છે. ૧૧૪.

* તિર્યંચને સમ્યક્ થાય છે ત્યાં કોઈએ પૂર્વે આત્મા શુદ્ધ છે એમ સાંભળ્યું હોય છે તે સ્મરણમાં આવતાં પછી વિચારમાં ઊતરે છે અને જેમ વીજળી ઉપરથી નીચે ઊતરી જાય એમ વીર્ય અંતરમાં ઊતરી જાય છે. બસ કરવાનું તો આટલું જ છે પછી એમાં ઠરવાનું છે. ૧૧૫.

* કેવળજ્ઞાનનો કેવો આનંદ છે અને કેવું સ્વરૂપ છે એનો ખ્યાલ ભાવશ્રુતજ્ઞાનમાં આવી ગયો છે. ૧૧૬.

∗ જેણે આત્મા જાણ્યો તેણે કેવળજ્ઞાનીના પેટ ખોલીને જાણ્યા, ભાવશ્રુત જાણ્યું એને જાણવાનું કાંઈ બાકી જ રહ્યું નથી, આખી દુનિયા જાણી લીધી. ૧૧૭.

∗ જ્ઞાનીને શુદ્ધતાના પરિણમનની અધિકતા રહ્યા જ કરે; અશુદ્ધતાની હીનતા રહ્યા જ કરે અને શુદ્ધ સ્વભાવનું ઉપાદેયપણું રહ્યા જ કરે. ૧૧૮.

∗ અંદરમાં વિચાર–મનન કાંઈક ચાલતાં ચાલતાં વિકલ્પનો અભાવ થવાનું કારણ થશે પણ વસ્તુનું જેને ભાન જ નથી એને વિચાર ચાલતાં નથી અને વિકલ્પોને તોડવા માંગે છે એ વિકલ્પ ક્યાંથી તોડી શકશે? ૧૧૯.

∗ વસ્તુસ્વભાવ તો શુદ્ધ અને પરમ પવિત્ર છે, એમાં વિકાર જ નથી પણ ઊંધું જોર કરીને જબરદસ્તીથી વિકાર કરી રહ્યો છે. જબરદસ્તી કરીને જે નથી તેને (–વિકારાદિને) અસ્તિ કરે છે. વર્તમાન ઊંધું જોર કરીને કરે છે. અંદર શક્તિમાં તો વિકાર છે જ નહીં પણ ઊંધું જોર કરીને ઊભો કરે છે. ૧૨૦.

∗ પૂર્વ પર્યાયમાં વિકાર હતો માટે થાય છે એમ પણ નથી પણ પોતે જ કર્તા થઈને ક્ષણે ક્ષણે નવો નવો જ અદ્ધરથી ઊભો કરે છે, જોર કરીને કરે છે. કર્તા થઈને જોર કરીને વિકારને કરે છે તો તેને જોર કરીને ટાળી કેમ ન શકે? ૧૨૧.

∗ વિકાર ગમે તેટલો તીવ્ર કરે તોપણ સર્વથા અશુદ્ધતા ન થાય, બધા ગુણો મલિન ન જ થાય, અને શુદ્ધતાને તો મોટા ભગવાનની ઓથ છે તેથી શુદ્ધતા તો પૂર્ણ પ્રગટે છે. ૧૨૨.

∗ આત્મા વીરનો પુત્ર છે. મોળી વાત કરનારની વાત સાંભળીશ નહીં. આ કાળે કેવળજ્ઞાન નથી–એ વાત સાંભળીશ નહીં. કેવળજ્ઞાન કેમ થાય એ રીત જાણી (–ભાન થયું) એટલે કેવળજ્ઞાન થશે જ. ૧૨૩.

∗ છ ખંડનો ધણી ચક્રવર્તી વિચારે છે કે અહો! આનંદનું કારણ હું પોતે એક છું અને આ બધાં દુઃખના કારણો–નિમિત્તો છે...એમ વૈરાગ્ય થતા જટીયા ખેંચતી રાણીઓને કહે છે કે અરે! હવે તમારા બધાં પ્રત્યેનો રાગ બળી ગયો છે. અમારા આનંદનું કારણ અમારી પાસે છે એ આનંદને ખોલવા અમે ચાલી નીકળીએ છીએ. અમે આનંદના ભમરા આનંદની

પરાગ લેવા અંદરમાં જઈએ છીએ. અમારા આનંદની છોળુની છલક અમારા અંતરમાંથી આવે છે. એણે અંદરમાં કાંઈક જોયું હશે ને? જેની પાસે આ બધું સડેલાં તરણા સમાન લાગે છે. ૧૨૪.

* અનુભવ તત્કાળ કરનારની સંખ્યા ભલે થોડી હોય પણ એની શ્રદ્ધા દ્રઢ કરીને પક્ષ પાકો કરનાર અને એનું જ ઘૂંટણ કરીને અલ્પકાળમાં કામ કરનાર જીવો થોડા જ કેમ કહેવાય? એ તો ઘણા હોય...૧૨૫.

* અનુભવ કરીને પ્રમાણ કરજે એમ કહ્યું ત્યાં અનુભવ કરનાર ભલે થોડા હોય પણ અનુભવ આમ જ હોય એમ નક્કી કરનાર થોડા જ કેમ કહી શકાય? ૧૨૬.

* અહો! અનંતકાળમાં આ વાત અમે સાંભળી નથી–એમ પ્રસન્ન ચિત્તથી જ્ઞાનસ્વભાવની વાત અંદરથી સાંભળે, રુચિની ગુલાંટ મારીને સાંભળે તેને ભવિષ્યમાં મુક્તિ થવાની જ છે. અહો! એને પક્ષ પાકો થઈ ગયો એ ફરશે જ નહીં. તે જરૂર મોક્ષમાં જાય છે. એને તો આ કાળ અને આ યોગ જ વિશેષ ભાસે છે. નવમી ગ્રૈવેયકવાળાએ પ્રસન્નતાથી આ રીતે તત્ત્વની વાત સાંભળી જ નથી, તેને તો પુણ્યમાં દ્રષ્ટિ હતી. આ તો અનંતકાળમાં નહીં સાંભળી એવી અપૂર્વતાથી તત્ત્વની વાત સાંભળે છે તેની વાત છે. ૧૨૭.

* જેના જ્ઞાનમાં રાગ દ્વૈત છે, જુદો છે, અનેક છે, એનાથી ભિન્નતા છે અને ચૈતન્ય એકલો જ છે એ વાત પ્રસન્નતાથી સાંભળે છે તેને કેવળજ્ઞાન જ થશે, મુક્તિ થશે જ. ૧૨૮.

* દ્રષ્ટિનું પરિણમન સ્વભાવમાં થયું તે થયું પછી એને સંભારવું છે ક્યાં? એ તો રુચિનું પરિણમન થયું તે થયું. તે સદાય રહ્યાં જ કરે છે, નિઃશંક છું એમ સંભારવું પડતું નથી અને શુભાશુભમાં હોય કે અનુભવમાં હોય તોપણ સમ્યક્‌નું પરિણમન તો જે છે તે જ છે. ૧૨૯.

* શુભાશુભ પરિણામ તેના સ્વકાળે જે થવા યોગ્ય છે તે જ થાય છે. એને નહોતો થવાનો ને કરે કે થવાનો હતો ને ફેરવે એ દ્રષ્ટિ જ ખોટી છે. રાગ એના સ્વકાળે કાળક્રમમાં થવા યોગ્ય જ થાય છે–એ દ્રષ્ટિમાં જ અનંતો જ્ઞાયકનો પુરુષાર્થ છે. ૧૩૦.

* સાતમી નરકમાં પડયો પણ પોતાની મતિમાં આત્માને વસાવે છે. પંચેન્દ્રિયના ઉત્કૃષ્ટ દુઃખોનું એ સ્થાન છે છતાં આ દુઃખ તે હું નહીં, સંયોગ તે હું નહીં. વિકલ્પ તે હું નહીં, એક સમયની પર્યાયમાં પણ પર્યાયને વસાવતો નથી પણ એક સમયની પર્યાયમાં આખા દ્રવ્યને વસાવ્યું, જેણે પોતાની મતિમાં આત્માને વસાવ્યો તેની ગતિમાં તે પરમાત્મા જ થાય છે અને જેણે પોતાની મતિમાં પુણ્ય–પાપ વસાવ્યા તેને ચાર ગતિ જ મળે છે. ૧૩૧

* પરકી તો કયા બાત, અધિકાર તો યહાં રાગકા ભી નહીં, જો રાગકા અધિકારી હોતા હૈ, વો દ્રવ્યકા અધિકારી નહીં, શુભાશુભ ભાવોંકા સ્વામી હૈ, વો આત્માકા અધિકારી નહીં. ૧૩૨.

* યે વાત રુચ જાય, લક્ષમેં આ જાય કે ઐસી હી હૈ, તો ક્રમે ક્રમે ઉસકા કલ્યાણ હો જાય. ૧૩૩.

* ભાઈ ! તારી પાસે જેવી લક્ષ્મી છે એવી લક્ષ્મી દુનિયાના કોઈ સ્થાનમાં નથી. ૧૩૪.

* આક્રંદ તો ઈસકા હોના ચાહિયે કિ મૈં ઐસી ઐસી શક્તિવાલી વસ્તુ હું, ફીર ભી સંસાર ક્યું ? ૧૩૫.

* છ ખંડનો સાહેબો જંગલમાં નગ્ન ભાવલિંગી સંતના ચરણમાં પડે છે અને કહે છે કે હે પ્રભો ! આપનું સામગ્રી વિનાનું સુખ મને હજો. ૧૩૬.

* જેમ પૂર્વે આવી ગયેલાં આકરા રોગની નિશાની દેખાય ત્યાં કંપારી છૂટે, તેમ ધર્મીને હજારો રાણી સાથે રમવાનો ભાવ આવે છે એને પણ એ રોગ જાણે છે, આકરો રોગ આવ્યો છે એમ એ જાણે છે. ૧૩૭.

* રાજાને એક રાણી હોય, કોઈને હજાર હોય, કોઈને ૯૬ હજાર હોય પણ ત્યાં મર્યાદા આવી ગઈ. ભગવાન આત્માને અનંતી પટ્ટરાણીઓ છે, આ તો એક જ ક્ષેત્રમાં અને કદી જાય નહીં. ઈન્દ્રને કરોડો ઈન્દ્રાણીઓ પણ અમુક કાળ રહીને ચાલી જાય, આ ભગવાન આત્માને તો અનંતી પટ્ટરાણીઓ સાદિ અનંતકાળ આનંદકા ભોગ દેતી હૈ. ૧૩૮.

* ભગવાન પૂર્ણાનંદને જેણે દ્રષ્ટિમાં તોળ્યો હવે એને બાકી શું રહ્યું ? અને જેણે વિકલ્પને દ્રષ્ટિમાં લીધો એને હવે નુકશાન થવામાં બાકી શું રહ્યું ? ૧૩૯.

* કર્મની હયાતી છતાં, વિકારની હયાતી છતાં, અલ્પજ્ઞતાની હયાતી છતાં જેનો દ્રષ્ટિમાં નિષેધ થઈ ગયો, છતાને અછતા કર્યા અને ભગવાન પૂર્ણાનંદ પર્યાયમાં અછતો, અપ્રગટ છતાં શ્રદ્ધા જ્ઞાનમાં તેને છતો કર્યો, એનું નામ જ અમલ છે ( –સમ્યગ્દર્શન છે ). ૧૪૦.

* શરીર, વાણી, કર્મ, સંયોગો એ તો અચેતન પર છે. હવે આત્મામાં વિકાર થાય છે તે પણ આત્મા નથી, આસ્રવ છે અને પર્યાયમાં જ્ઞાન–દર્શન–વીર્યની અલ્પતા એ પણ વ્યવહારનયનો આત્મા છે, વાસ્તવિક આત્મા નથી. આ રીતે જ્ઞાની સંયોગથી, વિકારથી અને એક સમયની અલ્પ અવસ્થાથી પોતાને ભિન્ન જાણે છે અને એવી જ રીતે અન્ય જીવોને પણ એ બધાથી ભિન્ન જ દેખે છે. ૧૪૧.

* વિકારની તુચ્છતા ભાસે તો વીર્ય ત્યાંથી ખસે, અને સ્વભાવની મહિમા ભાસે તો વીર્ય ત્યાં ઢળે. ૧૪૨.

* અભિપ્રાય એ તો જીવનું જીવન થઈ જાય છે, ઘર થઈ જાય છે. અભિપ્રાય બદલવો એ એને જીવ જ બદલવા જેવું લાગે છે. ૧૪૩.

* જૈન એટલે અંતરમાં સમાય તે જૈન છે. બહારના જેટલા ઉભરા આવે એ તો બધા પ્રકૃતિના ચાળા છે. વિકલ્પ ઊઠે ઈ પણ બધા પ્રકૃતિના ચાળા છે અને બહારનું જે બધું થાય છે એ તો બધું પુદ્‌ગલપરાવર્તન અનુસાર થયા જ કરે છે. ૧૪૪.

* જેણે બહારમાં ક્યાંક રાગમાં, સંયોગમાં, ક્ષેત્રમાં એમ ક્યાંકને ક્યાંક કોઈ દ્રવ્યમાં, ક્ષેત્રમાં, કાળમાં, આ ઠીક છે એમ માનીને ત્યાં વિસામામાં કાળ ગાળ્યો તેણે પોતાના આત્માને ઠગી લીધો છે. ૧૪૫.

* આ બધું સ્વભાવનું માહાત્મ્ય અને રાગનું માહાત્મ્ય એ બે વચ્ચેની બધી વાતો છે, બાકી બધું સમજવા જેવું છે...૧૪૬.

* સમ્યગ્દર્શન થયું એટલે તો સિદ્ધના દર્શન થઈ ગયા..૧૪૭.

* સ્વના લક્ષનો માર્ગ અલૌકિક છે. આ તો વીતરાગનો માર્ગ છે. વીતરાગ કહે છે કે તું મારી સામું ન જો. આ વીતરાગ સિવાય બીજો કોણ કહી શકે ? ૧૪૮.

∗ ...જેણે પોતાના ચૈતન્ય સાથે ગાંઠ બાંધી છે એવો સમ્યગ્દષ્ટિ હવે ત્રણ લોકના નાથ એવા ભગવાન સાથે પણ ગાંઠ બાંધતો નથી. પોતાના આત્માએ અનંતા પરમાત્માને પેટમાં રાખ્યા છે, સાદિ અનંતા પરમાત્મા જેના ધ્રુવપદમાં સમાય છે એવો આત્મા છે એ બીજાને નાથ કેમ કરે? ૧૪૯.

∗ કેવળજ્ઞાન બેસવું એ તે કાંઈ સાધારણ વાત છે! કેવળજ્ઞાનની તૈયારીવાળાને કેવળજ્ઞાન બેસે છે...જેને આત્મા બેઠો એને કેવળજ્ઞાન થયે જ છૂટકો. ૧૫૦.

∗ પહેલાં સમજણ તો કરે, સ્વભાવનો પક્ષ તો કરે, કે રાગ અને નિમિત્ત તરફ ઢળવા જેવું નથી પણ સ્વભાવ તરફ જ ઢળવા જેવું છે, એમ પાકો નિર્ણય તો કરે. નિર્ણયનો વજનો સ્થંભ તો નાખે,...એ વિના એકેય પગલું જવાય તેમ નથી. ૧૫૧.

∗ જૈન દર્શનનો એક પણ સિદ્ધાંત અંદરથી બેસી જાય, એટલે આખું ચક્ર બેસી જાય, એવી જ વસ્તુસ્થિતિ છે. ૧૫૨.

∗ કરના–ફરના કુછ નહીં હૈ, ફક્ત દ્રષ્ટિકા સાધ્ય રાગ થા વો દ્રષ્ટિકા સાધ્ય દ્રવ્ય હો ગયા. ૧૫૩.

∗ જિતના સામર્થ્ય દ્રવ્યમેં પડા હૈ ઉતના સામર્થ્ય દ્રષ્ટિમેં ન આવે તબ તક નિર્વિકલ્પ દ્રષ્ટિ નહીં હોતી. ૧૫૪.

∗ અહો! અપની ચીજ જવાબ ન દેવે કિ મૈં મોક્ષમાર્ગમેં હું, મેરા અલ્પકાળમેં મોક્ષ હોગા, તો તેં ક્યાં લાભ કિયા? ૧૫૫.

∗ પહેલાં નિર્ણયકી નિઃસંદેહ ભૂમિકા તૈયાર કરો કે સ્વભાવ સન્મુખમેં ગયે હી લાભ હૈ, દૂસરી જગહ લાભ નહીં. ઐસા નિઃસંદેહ નિર્ણય કરે તબ હી સ્વભાવ સન્મુખ જા સકતે હૈ. ૧૫૬.

∗ અરે ભગવાન! તેરે ઘરકી બાત હૈ ઔર તુજે હરખ ન આવે ઐસી બાત નહીં હૈ. તેરે ઘરકી બાત સુનકર પ્રમોદ આવે તબ હી વહ ગમ્ય હો સકતી હૈ. ૧૫૭.

∗ અગ્નિના અંગારામાં પડયો પણ ડગ્યો નહીં એવો આત્મા છે. અહો! અમને અગ્નિ અડી જ નથી, અગ્નિમાં પડયો પણ ધર્મી જીવ આનંદને જ વેદે છે. ૧૫૮.

* જે બહારની સગવડતા એને સગવડતા માને છે, બહારની અગવડતા એને અગવડતા માને છે, તે પ્રગટપણે ભગવાનને (આત્માને) શરીર સ્વરૂપ જ માને છે. ૧૫૯.

* અરે! એમ ન માનવું કે અમે અભણ છીએ, એમ ન માનવું કે અમે સ્ત્રી છીએ, એમ ન માનીશ કે અમે દીન અને હીન છીએ, એમ માનીશ નહીં–એ માન્યતા જ તારા પરમાત્માની વૈરી છે. ૧૬૦.

* ભગવાન આત્મા પરનું કરવા માટે પાંગળો છે અને પોતાનું કરવા માટે શૂરવીર છે. ૧૬૧.

* ધર્મીનું ચિત્ત આત્મા સિવાય બીજે ક્યાંય ચોંટતું નથી, સંસારમાં બધે ઉપર ઉપરથી નજર કરે છે, પણ ચિત્ત ક્યાંય ચોંટતું નથી, માખીને સાકરના સ્વાદમાં ચિત્ત ચોંટયુ છે તેથી પાંખને ભીંસ આવે પણ ત્યાંથી ખસતી નથી, તેમ ધર્મીનું ચિત્ત આત્મામાં ચોંટયું છે. પ્રતિકૂળતા આવે, બહારની ભીંસ આવે પણ આત્મામાંથી ચિત્ત ખસતું નથી, દુનિયાને ભલે ધર્મી ગાંડા જેવો લાગે, પાગલ લાગે. ૧૬૨.

* હે ભાઈ! તારી એક સમયની પર્યાયનું સામર્થ્ય એટલું છે કે જ્ઞેય ખૂટયા, પણ તારું જ્ઞાન ખૂટયું નથી, તો આખા દરિયાની તો શું વાત! એક અંશની આટલી બેહદતા તો આખા અંશીની તાકાતનું શું કહેવું? ૧૬૩

* આચાર્ય ભગવાન કહે છે કે તું સિદ્ધ છો, તારામાં તું તને સિદ્ધપણે સ્થાપીને સાંભળજે. સિદ્ધથી ઓછું અમારી પાસે માંગીશ નહીં. ૧૬૪.

* આહાહા! આવો મહિમાવાળો આત્મા જેને લક્ષમાં આવે તેને શરીર, સંયોગ અને વિકલ્પનો મહિમા છૂટી જાય. ૧૬૫.

* એક પરમાણુ પણ સ્પર્શ રસ આદિ અનંત અનંત ગુણનું શાશ્વત અનંત ધામ છે, અનંતનો સાગર છે, તેનું ક્ષેત્ર ન જુઓ, ક્ષેત્રનો પ્રશ્ન જ નથી. એવી જ રીતે બધા જીવો પણ અનંત ગુણોનું શાશ્વત ધામ પરમાત્મસ્વરૂપ છે. આ બધું છે એને એક સમયની જ્ઞાનપર્યાય પ્રતીતિમાં લ્યે છે. ૧૬૬.

* જગતના નિધાન મળવા સહેલાં છે પરંતુ આ તત્ત્વ મળવું દુર્લભ છે, એના શ્રવણ આદિના સાધન મળવા પણ દુર્લભ છે. આ કાળે આવા શાસ્ત્રો બહાર આવ્યા તે લોકોનું ભાગ્ય છે. આવા શાસ્ત્રો ઘરગથ્થું સાદી ભાષામાં બહાર આવ્યા છે. ૧૬૭

* મિથ્યાત્વ અવિરતી આદિ પાંચ ભાવો બંધનું કારણ છે તે નાશ થાય ત્યારે મુક્તિ–થાય એમ નહીં પણ એના અભાવરૂપ મુક્તિસ્વરૂપ જ સ્વભાવ છે. ૧૬૮.

* એક બાજુ ભ્રમણા છે અને એક બાજુ ભગવાન છે. ૧૬૯

* વસ્તુ છૂટી છે. બસ એને દ્રષ્ટિમાં છૂટી પાડવી. પછી ગમે ત્યાં હોય તો પણ છૂટી ને છૂટી જ છે. એ જ મોક્ષનો માર્ગ છે, દુઃખથી છૂટવાનો બીજો માર્ગ નથી...બીજી વાત રહેવા દે ભાઈ! ૧૭૦.

* અતીન્દ્રિય આનંદની જેને લાલચ લાગી છે ઈ સ્થિરતા માટે વૃત્તિઓને સંકેલે છે. આત્માના અતીન્દ્રિય આનંદની જેને લાલચ લાગી છે તે જ આનંદની લાલચથી આત્મામાં ખેંચાય છે. પહેલાં દ્રષ્ટિમાં આત્માના આનંદની લાલચ લાગી છે, હઠથી કાંઈ કરવાનું નથી પરંતુ અતીન્દ્રિય આનંદની લાલચને લઈને આત્મામાં સ્થિરતા કરે છે. ૧૭૧.

* જેણે સર્વજ્ઞને પોતાની પર્યાયમાં પધરાવ્યા તેને હવે કાંઈ કરવાનું રહ્યું જ નથી. સર્વજ્ઞ જેમ જાણનાર છે તેમ તેની સ્થાપના જેણે કરી તે પણ જે થાય તેનો માત્ર જાણનાર જ છે, ફેરફાર કરવાની વાત જ નથી. દ્રવ્ય સર્વજ્ઞ સ્વભાવી છે અને એણે પર્યાયમાં સર્વજ્ઞ સ્થાપ્યા એને પણ સર્વજ્ઞ થવાનો નિર્ણય આવી ગયો. બસ, એ “જ્ઞ” સ્વભાવમાં વિશેષ ઠરતાં પર્યાયમાં સર્વજ્ઞ થઈ જશે, બીજું કાંઈ કરવાનું રહ્યું જ નથી. ૧૭૨.

* સર્વજ્ઞ–સર્વદર્શી ઈ શબ્દ જ્યાં સામે આવે છે ને ત્યાં આહાહા! આખી વસ્તુ સર્વજ્ઞ અને સર્વદર્શી છે ઈ આખી તરવરે છે. ૧૭૩.

* પુણ્યના પરિણામનું કામ સર્વજ્ઞને સોંપાય? ચક્રવર્તીને વાશીદાનું કામ ન સોંપાય, તેમ આત્મા સર્વજ્ઞસ્વભાવી છે, એવું ભાન થયું એને પુણ્યના કાર્યમાં કર્તાબુદ્ધિ ન હોય. ૧૭૪.

* વ્યવહારને નિશ્ચયજ્ઞાન કરે નહીં અને વ્યવહારને કરે તેને નિશ્ચય જ્ઞાન રહે નહીં. વ્યવહારનું જ્ઞાન નિશ્ચયના જ્ઞાનવાળાને હોય, પરંતુ વ્યવહારનું કર્તૃત્વ હોય નહીં. ૧૭૫.

* સમકિતીની આખી દુનિયામાંથી રુચિ ઊડી ગઈ છે; એક આત્મામાં જ રુચિ છે, એક આત્માને જ ઠરવાનું ઠામ જાણે છે. ફરી ફરીને એક આત્મા તરફ જ તેની પરિણતિ આવે છે. ૧૭૬.

* અરે! એને કોઈ દિ' એની દયા આવી નથી, એની દયા એણે કોઈ દિ' કરી નથી. દયા ક્યારે કરી કહેવાય કે સ્વભાવભાવ તે મારો અને વિભાવભાવ તે મારો નહીં, જેવો સ્વભાવ છે એવો એને રાખે ત્યારે એણે એની દયા કરી કહેવાય. ૧૭૭.

* પુણ્યથી આત્મા પમાય ઈ આત્માને ગાળ આપે છે. એને પામવાનું સાધન તો એની અંદરમાં પડયું છે, ઈ કાંઈ પાંગળો નથી. ૧૭૮.

* બહારની અનુકુળતા હોય તો મને ઠીક પડે ઈ માન્યતા જ આત્માને પ્રતિકૂળ છે. બહારની પ્રતિકૂળતા મારામાં છે જ નહીં, એવો નિર્ણય તો પહેલાં જ કર્યો છે એને નડે શું? ૧૭૯.

* ભગવાન આત્મામાં એકાકાર થવું, વીંટાઈ જવું. એનું નામ વ્રત છે. ૧૮૦.

* જૈનદર્શનમાં જેવો વ્યવહાર કહ્યો છે એવો વ્યવહાર ન માને તો ઈ નિશ્ચયાભાસી છે અને ઈ વ્યવહારને ધર્મ માને તો ઈ વ્યવહારાભાસી છે. ૧૮૧.

* પૈસાની મમતા ઈ તો અગ્નિની ભઠ્ઠી સળગે છે. અહીં તો કહે છે કે ઇન્દ્રના ઇન્દ્રાસન હોય તોપણ ઈ અમારે ન જોઈએ, ઈ તો સડેલાં તરણા છે. અમારે તો અમારો આત્મા જોઈએ. ૧૮૨.

* બાવળના ઝાડ નીચે બેઠેલાં મુનિ જેને બેસવાનું કપડું નથી, ઉની–ઉની હવા લાગે છે પણ અંદરમાં આનંદની ઝણઝણાટી વાગી રહી છે એ સુખી છે. બીજાને એમ લાગે આ બાવો છે, પણ ઈ બાવો નથી, બાદશાહ છે ચક્રવર્તી હોય તોપણ ઈ દુઃખીઓ છે, બાદશાહ નથી. ૧૮૩.

* આખી દુનિયા ગમે તેમ હો પણ મારો ભગવાન તો મારી પાસે જ છે. મારે તો સદાય લાભ જ છે, અલાભની વાત જ મારે નથી. ૧૮૪.

* જિનવાણીનું મહાન લક્ષણ તો ઈ છે કે રાગની અને નિમિત્તની એકદમ ઉપેક્ષા કરાવે, તે જિનવાણીનું લક્ષણ છે. લાખ વાતની આ વાત છે. આત્મા વીતરાગસ્વરૂપ છે, જિનસ્વરૂપ છે. તેનો આશ્રય કરવાથી સંસારનો અંત આવે છે. ૧૮૫.

* જેમ કેવળજ્ઞાની લોકાલોકના કર્તા નથી, પણ માત્ર જાણનાર છે. તેમ જ્ઞાની શુભાશુભનો કર્તા નથી પણ જાણનાર છે. અસંખ્ય પ્રકારના શુભભાવ છે તે સહજ છે. તેનો કર્તા ધર્મી જીવ નથી જે વખતે જે પ્રકારનો રાગ આવે છે તે પ્રકારના સંયોગ તરફ એનું લક્ષ જાય છે. ૧૮૬.

* વીજળી ઉપરથી પડે તોપણ ખ્યાલ ન જાય એવું ધ્યાન કર. જે ચીજ એનામાં નથી એમાં ફેરફાર થતાં એને સખ ન પડે ઈ ધ્યાન ન કરી શકે. નિર્વિકલ્પ ધ્યાનમાં તો વીંછી કરડે તોપણ ખબર ન પડે, શરીરમાં ગમે તેવા કષ્ટો આવે તોપણ એને ખબર ન પડે. ૧૮૭.

* આત્મા આનંદ સ્વરૂપ છે. એના ભાન વિના વ્રત, જપ ને તપ ઈ બધું "વર વિનાની જાન" જેવું છે. ૧૮૮.

* જેમ રાગ હોય છે તેમ સમકિતીને અને મુનિને પરસત્તાવલંબી જ્ઞાન પણ હોય છે પણ તેને મોક્ષમાર્ગ ન માને. ૧૮૯.

* જ્યાં સુધી એને પૈસામાં સુખ નથી, પુણ્ય-પાપમાં સુખ નથી-એમ અંતરમાં ભાસે નહીં, ત્યાં સુધી ઈ આત્માના સુખમાં જંપલાવે નહીં. ૧૯૦.

* મારે અર્હંત આદિનું શરણ લેવાનું નથી. પરંતુ આત્માનું શરણ લેતા એમાં ઈ બધા આવી જાય છે માટે આત્મા જ શરણરૂપ છે! અર્હંત એટલે વીતરાગી પર્યાય, સિદ્ધ એટલે વીતરાગી પર્યાય, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એટલે વીતરાગી પર્યાય-એ બધી વીતરાગી પર્યાયો મારા આત્મામાં જ પડેલી છે તેથી મારે બીજે ક્યાંય નજર કરવાની નથી, મારે ઊંચે આંખ કરીને બીજે ક્યાંય જોવાનું નથી, મારો આત્મા જ મને શરણરૂપ છે. ૧૯૧.

* મોટો ભગવાન અંદરમાં પડયો છે ઈ મને દુ:ખનો નાશ કરવાના સમયે શરણરૂપ છે....દ્રષ્ટિને સંકેલીને અંદરમાં મૂકવાની છે. ૧૯૨.

* દ્રવ્ય પોતે જ અકારણીય છે, પોતે જ અનંત પુરુષાર્થરૂપ છે. તેના વિશ્વાસની બલિહારી છે. ૧૯૩.

* યોગ્યતા, કાળલબ્ધિ, ક્રમબદ્ધ આદિ બધાનું જ્ઞાન દ્રવ્યદ્રષ્ટિ કરતાં સાચું થાય છે. રુચિ રાખે પરમાં અને ક્રમબદ્ધ ને કાળલબ્ધિ ઉપર નાખે ઈ ન ચાલે, પોપાબાઈનું રાજ નથી. ૧૯૪.

* આ વાતમાં સમજવામાં અનંતો પુરુષાર્થ જોઈએ, ઘણી અંદરમાં પાત્રતા જોઈએ, બધેથી સુખબુદ્ધિ ઊડી જવી જોઈએ, એની ઘણી પાત્રતા જોઈએ, એની પર્યાયમાં ઘણી યોગ્યતા જોઈએ છે. શ્રીમદ્ કહે છે કે તું તારા દોષથી દુઃખી થઈ રહ્યો છે, તારો દોષ એટલો કે પરને પોતાનું માનવું ને પોતાને ભૂલી જવું. ૧૯૫.

* દુનિયા દુનિયાનું જાણે, તું તારું કર. દુનિયા એના પરિણમન પ્રમાણે પરિણમશે, તારું પરિણમાવ્યું નહીં પરિણમે. ૧૯૬.

* રાગ ને રજકણ સહિત ભગવાનને માનવો ઈ રાગ અને રજકણ નહીં છૂટવાનું કારણ છે, ચોરાશીના અવતારમાં રજળવાનો મિથ્યાત્વભાવ છે. ૧૯૭.

* સુખને જગત ઈચ્છે છે, પણ સુખના કારણને જાણતું નથી. દુઃખને લેશ માત્ર જગતજીવો ઈચ્છતા નથી, પણ દુઃખના કારણમાં લીન છે. ૧૯૮.

* જેમ કંદોઈને ત્યાં ચૂલામાં ઊંચેથી તેલના ઉકળતાં કડાયામાં પડેલો સર્પ અર્ધો તો બળી ગયો પણ તે બળતરાથી બચવા માટે ચૂલમાં ઘુસી જતાં આખો બળી ગયો, તેમ જગતજીવો પુણ્ય–પાપમાં તો બળી જ રહ્યા છે અને તેમાં એ વિશેષ સુખની લાલસામાં વિશેષ બળાય છે એવા વિષયોમાં ઝંપલાવી સુખ માને છે. ૧૯૯.

* એકનો એક જુવાન દીકરો મરી જાય અને એને કેવો ઘા લાગી જાય છે! એમ એને ઘા લાગવો જોઈએ. રાગ અને સંયોગની આડમાં તું પોતે મરી જાય છે એનો તને ઘા લાગે છે કાંઈ ? ૨૦૦.

* તારો દોષ એટલો કે પુણ્ય–પાપના વિકલ્પોને પોતાના માનવા અને પુણ્ય–પાપના વિકલ્પ વગરના પોતાના ભગવાનને ભૂલી જવો. ૨૦૧.

* ત્રણલોકના નાથ! તારે બીજાનો આશ્રય લેવો પડે ઈ તો તને કલંક છે. ૨૦૨.

* જેણે મિથ્યાત્વ છોડયું નથી એણે કાંઈ છોડયું નથી, જેણે મિથ્યાત્વ છોડયું એણે બધું છોડયું, આખી દુનિયા છોડી દીધી છે. ૨૦૩.

* જેને એક પ્રતિકૂળતામાં સમાધાન કરતાં આવડે છે તેને અનંતી પ્રતિકૂળતામાં સમાધાન કરવાની તાકાત છે. મારામાં પ્રતિકૂળતા જ નથી હું તો આનંદકંદ છું એવી દૃષ્ટિ કરતાં સમાધાન થાય છે. ૨૦૪.

* જેમ પક્ષીના પગલાં આકાશમાં શોધે છે, માછલીનાં પગલાને (ગમનને) પાણીમાં શોધે છે તે મૂર્ખ છે. તેમ રાગાદિમાં આત્માને શોધનાર મૂર્ખ છે. ૨૦૫.

* બાદશાહ ત્રણલોકનો નાથ ઊંઘમાં પડયો છે એને જગાડવાની વાત! જાગ રે જાગ, તને ચોર લૂંટી જાય છે. જાગ રે...જાગ! આ જગાડનારી વાત સાંભળવા મળે છે ઈ પણ મહાભાગ્યશાળી છે. ૨૦૬.

* દુર્ધર, દુષ્કર જો કાંઈ પણ હોય તો તે આત્માનો પુરુષાર્થ છે. બાકી બધું થોથે થોથા છે, ઉત્તમમાં ઉત્તમ પણ એ જ છે. ૨૦૭.

* "મૈં જ્ઞાનાનંદ સ્વભાવી હૂં" એના ઉપરથી એમ વિચાર આવ્યો કે એ અનુભવમાં આવે ત્યારે ખરો જ્ઞાનાનંદસ્વભાવી છે–એમ પ્રતીતમાં આવે છે. બાકી ઓઘે નક્કી કર્યું હોય એ ન ચાલે. બાકી વાતુ ગમે તેટલી કરે એ ન ચાલે.! ૨૦૮.

* જીવમાં રાગનો અંશ માનવો અથવા રાગ મારામાં થાય છે એમ માનવું એ જીવને અજીવ જ માને છે. જીવનું અસ્તિત્વ ને રાગનું અસ્તિત્વ જ જુદું છે. ૨૦૯.

* અરે! એક વાળો શરીરમાં નીકળતા પીડાનો પાર રહેતો નથી. તો આ મારું શરીર, મારું ઘર, મારી સ્ત્રી, પુત્ર, મિત્ર, આ મારું ધન, આબરૂ એમ અનેક મારા એટલે કે ધનવાળો, શરીરવાળો, સ્ત્રી, પુત્ર–મિત્રવાળો એમ અનેક વાળાની પીડાનું એને ભાન નથી, પણ પીડાય છે. ૨૧૦.

* પરદ્રવ્યથી મને લાભ થાય એ માન્યતા છોડયા વિના કોઈ રીતે એનો ઉદ્ધાર નથી. રાગ દુઃખરૂપ છે એને મારો માનવાનું છોડયા વિના એનો ઉદ્ધાર નથી. ૨૧૧.

* વિચારમાં ઊભો છે તેને ભક્તિ આદિનો રાગ આવ્યા વિના રહે જ

નહીં. એવો જ સ્વભાવ છે, ભક્તિ આદિનો રાગ હેય છે છતાં હોય છે. ૨૧૨.

* મુનિઓ જે ઉપદેશ આપે છે તે ખરેખર તો શુદ્ધતાનો પોકાર છે. પોતાને જે શુદ્ધ ચૈતન્યની પ્રિયતા લાગી છે તેની જગતની પાસે પ્રસિદ્ધિ કરે છે. ૨૧૩.

* જેને માથે જન્મ–મરણની ડાંગુ તોળાઈ રહી છે અને તે સંયોગોમાં રાજીપો માની રહ્યો છે તે પાગલ છે. ૨૧૪.

* સતને માટે આખું જગત વેચાઈ જાવ, આખું જગત જાવ, પણ આત્મા જતો ન કરાય ૨૧૫.

* ભગવાનની મૂર્તિની જેમ ભગવાનના આગમનું બહુમાન જોઈએ. આગમ એ મુનિઓનો અક્ષરદેહ છે. ૨૧૬.

* એલા! દરીયા તે કાંઈ બંધાય? એમ ભગવાન આત્મા અપૂર્વ સ્વભાવી એને કાંઈ કર્મથી બંધાય? ૨૧૭.

* જ્ઞાનમાં જેમ જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે તેમ તેમ જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે અને એ વધતાં જતાં જ્ઞાન સામર્થ્ય વડે મોહ શિથિલ થતો જાય છે, જ્ઞાન જ્યાં સમ્યક્પણે પરિણમે છે, ત્યાં મોહનો સમૂહ નાશ પામે છે. માટે જ્ઞાનથી જ આત્માની સિદ્ધિ છે, જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મસિદ્ધિનું સાધન નથી. ૨૧૮.

* વીર્યની મંદતાનો પણ આત્મા જાણનાર છે, કરનાર નથી. વીર્યની મંદતા તે આત્મા નથી, સ્વરૂપની રચનામાં જે વીર્ય રોકાય તે આત્મા છે. ૨૧૯.

* આ મારગડાં તો જગતને કોરે મૂકે ત્યારે સમજાય તેમ છે. પુણ્ય–પાપાદિના ભાવો એ જગત છે, એને કોરે મૂકીને આને જાણે તો જગત જણાઈ જાય. ૨૨૦.

* જેને આવો વિકલ્પ લાવું–એવી જેનામાં તાકાત નથી ત્યાં આ બધાંના–પરના કાર્ય હું કરી દઉં એ વાત જ નથી. રાગ આવે ઈ જુદી વાત છે પણ તેને લાવવાની સ્વરૂપમાં તાકાત જ ક્યાં છે? તો "પરનું કરી દઉં" એ વાત જ ક્યાં છે! ૨૨૧.

* ભગવાન! તારી એક સમયની ( નિર્મળ ) પર્યાયના માહાત્મ્ય

એવા છે કે તેની પાસે ચૌદ રાજલોક વ્યર્થ છે, ઇન્દ્રના ઇન્દ્રાસનો વ્યર્થ છે. એનાં પાસે એના માહાત્મ્ય નથી. ૨૨૨.

* ધર્મીને પાંચ કરોડ રૂપિયા આવે તોપણ ધર્મી તેને રોગ જાણે છે, ઉપસર્ગ જાણે છે, તેનાથી કેમ છૂટવું તેનો એ ઉપચાર કરે છે. ૨૨૩.

* તારી હોંશિયારી તો ત્યારે કહેવાય કે ભાઈ! તું પરમેશ્વર છો એમ તારી પરીક્ષા કર. ૨૨૪.

* આત્મા જ્યાં પોતાના સ્વભાવના બળે ચડયો, ત્યાં અજ્ઞાનનો રાગ દ્વેષ ઉધઈ જેમ તડકામાં ધાણીની માફક સડસડીને સળગી જાય, તેમ સળગી જાય છે (ટળી જાય છે), બળી જાય છે. ૨૨૫.

* અરે! સંવર–નિર્જરા મોક્ષની પર્યાય પણ અભૂતાર્થ છે, કેવળજ્ઞાન, કેવળદર્શન પણ એક સમયની પર્યાય છે, આશ્રય કરવા યોગ્ય નથી...એ વીર્યની ખુમારીનો પાવર તો લાવે! ૨૨૬.

* કોઈએ નિંદા કરી ત્યાં શબ્દો નીકળ્યા એ તો પુદ્‌ગલની પર્યાય છે, નિંદા કરવાનો ભાવ એ તો આસ્રવ છે અને કાગળમાં લખાણ આવે એ પણ પુદ્‌ગલની પર્યાય છે, એમાં સામો જીવ ક્યાંય આવતો નથી અને અહીં વિકલ્પ ઊઠે અસ્થિરતાનો એ ક્યાં આત્મા છે? ઈ તો આસ્રવ છે. આ રીતે જ્ઞાની, સામો ગમે તેવો વિરોધી જીવ હોય તોપણ એને પૂર્ણ આત્મા તરીકે જ જુએ છે, આનું નામ વીતરાગી સમતા છે. આમાં જ્ઞાન વિના સહજ સમતા થઈ શકે નહીં. ૨૨૭.

* જિસને અપની શક્તિમેંસે એક અંશ ભી સમ્યક્‌પણે નિકાલા, વો સબ જીવોંકો પરમાત્માપણે દેખતા હૈ, અભવી જીવકી કભી મુક્તિ નહીં. ઉસકો ભી પરમાત્માપણે દેખતા હૈ, કયોંકિ દ્રવ્યસ્વભાવ સબ સરખા હૈ. ૨૨૮.

* એક સમયની પર્યાયમાં છતો જે સંસાર તેને અછતો કરવો અને ત્રિકાળ સ્વભાવ જે પર્યાયમાં અછતો છે તેને દ્રષ્ટિમાં છતો–પ્રગટ કરના વો હી કરનેકા હૈ. ૨૨૯.

* બાવળના ઝાડ નીચે બેઠેલાં નગ્ન દિગંબર મુનિ શાંત શાંત શાંતપણે જેની મુદ્રામાં શાંતિ શાંત દેખાય છે તેને રસ્તા ઉપર ચાલ્યો જતો ચક્રવર્તી હાથી ઉપરથી ઊતરીને પગમાં પડે છે અને કહે છે પ્રભુ!

આ અમને મળેલી ઋદ્ધિ અમારે નથી જોઈતી. આપ જે ઋદ્ધિ સાધી રહ્યા છો એ ઋદ્ધિ અમને હજો. ૨૩૦.

* સમોસરણ (જિનમંદિર) જિનબિંબ આદિ વીતરાગતાના સ્મરણના નિમિત્તો છે. આવા જીવો છે એના એવા પુણ્યો છે એ બધું જોતાં, વર્તમાન બુદ્ધિ છૂટી જઈને ત્રિકાળીની બુદ્ધિ થાય છે અને એને માટે આ સમવસરણ જિનમંદિર આદિ નિમિત્તો છે. ૨૩૧.

* મેરુ પર્વત ઉપાડવો સહેલો છે પરંતુ આ પુરુષાર્થ ઉપાડવો દુર્લભ છે. તેથી જ શાસ્ત્રમાં આ પુરુષાર્થને દુર્લભ કહ્યો છે. સહજ સ્વભાવે સુગમ છે પણ અનાદિ અણ-અભ્યાસને લઈને દુર્લભ છે. ૨૩૨.

* મરણ થવા છતાં જેની કિંમત કરી હશે તે નહીં છૂટે, રાગ-દ્વેષ અને સંયોગની કિંમત કરી હશે તો તે નહીં છૂટે, આત્માની કિંમત કરી હશે તો તે નહીં છૂટે. જેનું મૂલ્ય આવ્યું હશે તે છૂટશે નહીં. ૨૩૩.

* આણે આને મારી નાંખ્યો! અરે ભાઈ! તને મારે તારું અજ્ઞાન, બીજો તને અડી શકે નહીં. ૨૩૪.

* અહો! મુનિઓ-સંતો મનુષ્ય હોય ત્યાંથી તો ચાલ્યા ગયા પણ તેનો પગરવ પણ ન હોય એવા એકાન્ત સ્થાનમાં ચાલ્યા ગયા છે, આત્માનું શોધન કરવા ગયા. આ તો આત્માનું શોધન કરવાનો કાળ છે, પણ પરની અને રાગની શોધમાં આખી જિંદગી ચાલી જાય છે. ૨૩૫.

* આ લીલફુગના ગોદડાના ગોદડા પડયા છે, તેમાં એક રાઈ જેટલી કણીમાં અનંતા ભગવાન પડયા છે, એવા તો કેટલાય દરિયા અને નદીઓ અને આખા લોકમાં ઠાંસી ઠાસીને નિગોદના જીવો ભર્યા છે એ બધાં પણ ભગવાન છે. અહો! એ બધાંને મોટા માનવામાં ખરેખર પોતાની આત્માની મોટપ છે. ૨૩૬.

* મિથ્યાદૃષ્ટિને શુભરાગ પરંપરા અનર્થનું કારણ છે અને સમ્યગ્દૃષ્ટિને શુભરાગ હેયબુદ્ધિએ હોવાથી પરંપરા મોક્ષનું કારણ કહેવામાં આવે છે. ૨૩૭.

* જે વિચિક્ષણતા આત્માને દુઃખથી મુક્ત ન કરે તે વિચિક્ષણતા શેની? ૨૩૮.

* ધન રળવાનો કાળ છે ઈ તો મરવાનો કાળ છે. આ તો કમાવાનો કાળ છે, આત્માના આનંદને કમાવાનો કાળ છે એને ચૂકીશ નહિ. ૨૩૯.

* અનુકૂળતાવાળા બધાં રતિમાં સળગી રહ્યા છે, પ્રતિકૂળતાવાળા બધાં અરતિમાં સળગી રહ્યા છે, બધાં રાગદ્વેષમાં સળગી રહ્યા છે, દુઃખી છે. ૨૪૦

* શુભરાગની મીઠાશ જીવને મારી નાખે છે અને પરસત્તાવલંબી જ્ઞાનની મીઠાશ પણ જીવને મારી નાખે છે. ૨૪૧

* સમ્યગ્દર્શન થાય તેને તો પર્યાયમાં મહા પામરતા ભાસે છે. સમ્યગ્દર્શન થતાં તો નરમાશ નરમાશ...આવી જાય, મને બંધ થતો નથી એવું તેને હોય નહિ. ૨૪૨.

* જેણે જીવન કાળમાં સંયોગનો વિયોગ સાથે જ ભાવ્યો છે, અનુકૂળતામાં પણ એના વિયોગની ભાવના ભાવી છે તેને તેના વિયોગ કાળે ખેદ નહિ થાય. ૨૪૩.

* જેમ આ શરીર અચેતન મડદું છે તેમ આ પુણ્ય–પાપના ભાવ અચેતન મડદાં છે. સમ્યગ્દ્રષ્ટિ પોતાના આનંદ જીવન આગળ બધાં પદાર્થોને મડદાં જાણે છે. ૨૪૪.

* દેહ તો તને છોડશે જ પણ તું દેહને (દ્રષ્ટિમાં) છોડ એની બલિહારી છે...આ તો શૂરવીરના ખેલ છે. ૨૪૫.

* સમકિતીએ બધાથી આત્માને છૂટો પાડીને છૂટ લીધી છે...અંદર દ્રષ્ટિનું વલણ આખું ફેરવી નાખ્યું છે. રાગનું સ્વામીત્વ ટળી ગયું છે, હું જ્ઞાનાનંદ છું એનું સ્વામીત્વ થઈ ગયું છે સમકિતીના ભરોંસે આવ્યો ભગવાન! રાગના અને પરના ભરોંસા છૂટી ગયા. આ તો કાંઈ થોડી વાત છે? ૨૪૬.

* ભગવાન આત્મા અનંત સિદ્ધોનો નાતીલો છે, જરાયે પાછો ન પડે એવો છે, એની હારમાં બેસે એવો છે. ૨૪૭.

* શરીરની પણ જરૂર પડે જ નહીં અને આત્મા એકલા આનંદને જ ચૂસ્યા કરે, આનંદને જ ચૂસ્યા કરે અને કોઈની જરૂર પડે નહીં. ૨૪૮.

* આત્મા મહાન પરમેશ્વર પદાર્થ છે. અનંતા કેવળીઓને પોતાના

પેટમાં ગળી જાય એવો મહાન પદાર્થ આત્મા છે. પ્રગટમાં ભલે થોડું (–અલ્પજ્ઞતા) હોય, પણ અપ્રગટમાં મહાન શક્તિ પડી છે. પ્રગટ નથી એટલે એને આટલી મહાન શક્તિ છે એમ બેસતું નથી. ૨૪૯.

* હે ભગવાન! આપે જે ચૈતન્યનો ભંડાર ખોલી દીધો છે તેની પાસે કોણ એવો હોય કે જેને ચક્રવર્તીનો વૈભવ પણ તરણા જેવો ન લાગે? અહા! અંતર અવલોકનમાં અમૃતરસ ઝરે છે અને બહારના અવલોકનમાં તો ઝેર અનુભવાય છે. ૨૫૦.

* અશુભના ફળ પ્રત્યે જેને દ્વેષ છે તેણે અશુભભાવને હેય માન્યો નથી, શુભભાવના ફળમાં જેને ગલગલીયાં થઈ જાય છે અને મીઠાશ આવે છે તેણે શુભભાવને હેય માન્યો નથી. ૨૫૧.

* આ ચૈતન્યતત્ત્વ તો કોઈ અગમ્ય વસ્તુ છે, બહારના વૈરાગ્યથી કે જ્ઞાનના ક્ષયોપશમથી મળી જાય એવી વસ્તુ નથી. અંતરમાં અવ્યક્ત છતાં પ્રગટ અચિંત્યવસ્તુ પડી છે, એના માહાત્મ્ય પ્રત્યે જાય ત્યારે ગમ્ય થાય, એના જન્મ–મરણ ટળી જાય એવી ચીજ છે. આ ચૈતન્ય તો લંગડો છે, એ હાલતો નથી, ચાલતો નથી, બોલતો નથી, વિકલ્પ પણ કરતો નથી. માત્ર થાય તેને જાણવાના સ્વભાવવાળો જ્ઞાતાદ્રષ્ટા જ છે. ૨૫૨.

* બ્રહ્મચર્ય આદિ વ્રત લે, કપડા આદિ છોડે ત્યાં તો તેને એમ થઈ જાય કે હું કાંઈક ધર્મમાં આગળ વધ્યો! પણ આત્માના ભાન વિના ઉલટું શલ્ય વધાર્યું છે, મિથ્યાત્વની પુષ્ટિ કરી છે. સમજણ વિના વ્રત, તપ એ બધાં રણમાં પોક સમાન નિરર્થક છે. ૨૫૩.

* વિકલ્પ સહિત પહેલાં પાકો નિર્ણય તો કરે કે રાગથી નહીં, નિમિત્તથી નહીં. ખંડખંડ જ્ઞાનથી નહીં, ગુણ–ગુણીના ભેદથી પણ આત્મા જણાતો નથી–એમ પહેલાં નિર્ણયનો પાકો સ્થંભ તો નાંખે! એટલે પર તરફનું વીર્ય તો ત્યાં જ અટકી જાય છે. ભલે સ્વસન્મુખ વળવું હજી બાકી છે...વિકલ્પવાળા નિર્ણયમાં પણ હું વિકલ્પવાળો નહીં એમ તો પહેલાં દ્રઢ કરે! નિર્ણય પાકો થતાં રાગ લંગડો થઈ જાય છે, રાગનું જોર તૂટી જાય છે, વિકલ્પ સહિતના નિર્ણયમાં સ્થૂળ વિપરીતતા અને

સ્થૂળ કર્તૃત્વ છૂટી જાય છે અને પછી અંદર સ્વાનુભવમાં જતાં નિર્ણય સમ્યક્રૂપે થાય છે. ૨૫૪

* મિથ્યાત્વ એ જ સંસાર છે. સમકિત એટલે સિદ્ધ સદ્રશ દશા છે. સિદ્ધને જેમ રાગનું કર્તૃત્વ કે વેદન નથી તેમ સમકિતીને ( દ્રષ્ટિમાં ) રાગનું કર્તૃત્વ કે વેદન નથી. ૨૫૫.

* પરદ્રવ્યને અને આત્માને અત્યંત અભાવ છે એ તો વ્યવહારની નીતિના વચનથી આવે છે, પરંતુ અધ્યાત્મદ્રષ્ટિથી તો વિકારને અને આત્માને અત્યંત અભાવ છે. ચૈતન્યગોળો વિકારથી ભિન્ન એકલો છૂટો જ પડયો છે એને દેખ! જેમ તેલ પાણીના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, પાણીના દળમાં પેસતું નથી, તેમ વિકાર ચૈતન્યના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, ચૈતન્યદળમાં પેસતો નથી. ૨૫૬.

* સ્વભાવ અને રાગ સાથે અજ્ઞાનીએ ગાંઠ બાંધી છે, તે ગાંઠને એક ક્ષણ પણ એ તોડે તો રાગથી જુદો પરમાત્મા તેના હાથમાં –અનુભવમાં આવે છે. વિકલ્પ અને નિર્વિકલ્પતાની વચમાં એણે તાળા માર્યા છે તેને એકવાર ખોલે તો નિર્વિકલ્પ પરમાત્મા તેના અનુભવમાં આવે છે. ૨૫૭.

* અહો! પ્રભુપદમાં ખતવવાની ચીજ તેણે શંકામાં ખતવી નાખી! હું અત્યારે જ પૂર્ણ પ્રભુ છું એમ એકવાર શ્રદ્ધામાં લાવ! પૂર્ણ પ્રભુપણે સ્વીકાર કરતાં એ તો ભગવાનનો દીકરો થઈ ગયો. સમ્યગ્દર્શન થયું એટલે એમાં ગર્ભિતપણે કેવળજ્ઞાન જ આવી ગયું. ૨૫૮.

* “કાંઈ કરવું જ નથી, હું મને દેખું” એવો પણ જ્યાં વિકલ્પ નથી. આત્મા તો ચૈતન્યસૂર્ય છે. એમાં પરનું કર્તૃત્વ કે રાગનું કર્તૃત્વ જ ક્યાં છે? આત્માના દ્રવ્ય–ગુણમાં તેની ગંધ જ નથી. હું મને જાણું –દેખું એવો વિકલ્પ પણ જ્યાં નથી. દેખનાર–જાણનાર સ્વભાવમાં થંભી જાય એવી દશાને સ્વાનુભવ કહે છે. ૨૫૯.

* એકવાર અંદરમાં નજર કર કે હું પણ સિદ્ધની જેમ અશરીરી છું, શરીરને સ્પર્શતો જ નથી, અત્યારે જ શરીરથી છૂટો છું, એમ શ્રદ્ધા નહીં કરે તો જ્યારે શરીરથી છૂટો પડશે ત્યારે એની લાળ શરીરમાં જ લંબાશે. ૨૬૦.

* કોઈ મનુષ્ય મૂંગો, બહેરો કે આંધળો હોય તેથી તે પંચેન્દ્રિય નથી એમ નથી. એ જાતનો લબ્ધ ઉઘાડ તો તેને હોય છે. પરંતુ ઉપયોગની લાયકાત નથી તેમ આત્મા વર્તમાન પર્યાયમાં અલ્પજ્ઞ હોવા છતાં શક્તિએ અલ્પજ્ઞ નથી. શક્તિમાં તો પૂરો સર્વજ્ઞ છે. ૨૬૧.

* ભાઈ! સંયોગોનો ત્યાગ થયો એમાં તારી પર્યાયમાં શું ફેર પડયો? બહારમાં ઓછા-વધતા સંયોગો હોય એનું લક્ષ છૂટી જાય, અને કષાય મંદ હોય કે તીવ્ર હોય તેનું પણ લક્ષ છૂટી જાય, અને તારો પર્યાય ચૈતન્યવસ્તુને પકડીને પરિણમે ત્યારે મિથ્યાત્વનો ત્યાગ થાય એ ખરો ત્યાગ છે. ૨૬૨.

* ભાઈ! તું પરથી તો નવરો જ છો. તો પરથી નવરો જ છું એવી દ્રષ્ટિ કરીને તારામાં તું બેસ. ચૌદ બ્રહ્માંડમાં જ્યાં બેઠો હો ત્યાં તું નવરો જ છો, તારે ને પરને કાંઈ સંબંધ જ નથી. જ્ઞેય-જ્ઞાયક સંબંધ પણ વ્યવહારથી છે, ખરેખર એ પણ નથી. ચૈતન્ય તો આખા જગતને ન ગણે એવો એ પ્રભુ છે. તેને દ્રષ્ટિમાં લે. આ કરવાનું છે. ૨૬૩.

* રાગને જાણતાં જ્ઞાન મલિન થતું નથી, પણ રાગને પોતાનો માનતા જ્ઞાન મલિન થાય છે. રાગ મારો છે તેમ માનનાર પોતાના જીવને મારે છે અને રાગ મારો નથી તેમ માનનાર પોતાના જીવને બચાવે છે. ૨૬૪

* સત્યની વાત સમજવામાં ટકી રહેવું એ પણ એક પુરુષાર્થ છે. આત્માના ધ્રુવ સ્વભાવને ધ્યેય બનાવીને ધ્યાન કરવાથી ધર્મ-સમ્યગ્દર્શન થાય છે, આ એક જ રીત છે; બીજી બધી વાતો છે ( વ્યવહારકથનના પ્રકાર છે ) ૨૬૫.

* એક બાજુ એક સમયની ભૂલ છે અને એક બાજુ ત્રિકાળી આખો ભગવાન છે. વસ્તુમાં અનંત અનંત ગુણનું મહાન અસ્તિત્વ પડયું છે તેની દ્રષ્ટિ કરતાં વિકલ્પ તૂટી જાય છે, પરંતુ વિકલ્પને તોડવા જતાં તો મિથ્યાત્વ થાય છે. ૨૬૬.

* ભગવાન આત્મા દુઃખની દશામાં આવ્યો છે પણ દુઃખને ટાળવાનું સામર્થ્ય રાખીને દુઃખની દશામાં આવ્યો છે, જ્યારે એની શક્તિ સામર્થ્યનું ભાન કરે છે ત્યારે દુઃખની દશાથી છૂટે છે. ૨૬૭.

* પુણ્ય-પુણ્ય કરીને અજ્ઞાની પુણ્યની મીઠાશ વેદે છે, પણ પુણ્યની મીઠાશ તો એનું ખૂન કરે છે. મિથ્યાત્વભાવ તે કષાયખાનું છે, મિથ્યાત્વનું

પાપ સાત વ્યસનથી પણ અનંતગણું છે, તેનું જે પોષણ કરે છે તેણે કષાયખાના માંડયા છે. ૨૬૮.

* પ્રશ્નઃ- સમ્યગ્દ્રષ્ટિને મોટું પદ આપી દીધું છે?

ઉત્તરઃ- સમ્યગ્દ્રષ્ટિએ પરમાત્માને તાબે કરી લીધા છે, પરમાત્માને પકડી લીધા છે, કબજે કરી લીધા છે. એટલે બાકી શું રહ્યું? રાગનો કબજો છોડી દીધો છે. તેને પોતાના સ્વભાવનો ખજાનો ખુલી ગયો છે, નિધાનની તીજોરી ખુલી ગઈ છે. તેથી જેટલું માંગે એટલું અંદરથી નીકળે છે એથી સમ્યગ્દ્રષ્ટિનું પદ મોટું થઈ ગયું છે. ૨૬૯.

* પર્યાયને કબૂલીને પર્યાયનું લક્ષ છોડી દે, અને દ્રવ્યને કબૂલીને દ્રવ્યનો વિકલ્પ પણ છોડી દે. પર્યાય આમ છે ને દ્રવ્ય આમ છે એવા શાસ્ત્રના જાણપણાને પણ ભૂલી જા. પર્યાય આમ છે ને દ્રવ્ય આમ છે એવા જાણપણાના વિકલ્પો દુઃખરૂપ છે એ જાણીને તારે કરવું છે શું? આત્માનો અનુભવ કર એ એનો સાર છે. દ્રવ્ય આમ છે ને પર્યાય આમ છે એવી એકલી વાતુ કરવાની વાત નથી, દ્રવ્યનો આશ્રય કરે ત્યારે દુઃખ-પર્યાયનું સાચું જ્ઞાન થશે. ૨૭૦.

* ખરેખર તો બીજાને મારવાના ભાવમાં સામાને દુઃખ થશે એમ જાણવા સંબંધીના પોતાના જ્ઞાનનો જ એ ઘાત કરે છે, બીજાને દુઃખ થાય છે એ મારે જોવું નથી એ જાતના જ્ઞાનનો પ્રકાશ મને ન રહે એનું નામ હિંસા છે. જ્ઞાનપ્રકાશ મારે નથી રાખવો અને અંધારું કરી નાખવું છે એવા ભાવમાં પોતાના જ્ઞાનની હિંસા થાય છે એ જ પાપ છે. ૨૭૧.

* આ બાજુ પરમેશ્વર પડયો છે તેનું અજ્ઞાનીને કાંઈ માહાત્મ્ય આવતું નથી. તેની કોઈ કિંમત દેખાતી નથી અને આ બાજુ એક વિકલ્પ ઊઠે છે ત્યાં તો તેને ઓહોહો! થઈ જાય છે, વિકલ્પનું અસ્તિત્વ અને માહાત્મ્ય આવે છે એ જ મિથ્યાત્વ છે. ૨૭૨.

* આંખ છે તે પાણીને ગરમ કરે? રેતીને ઉપાડીને લાવે? ના, બસ માત્ર એ બધાને થાય તેમ જાણે જ છે. એમ આત્મા પણ ઉદયને, નિર્જરાને, બંધને, મોક્ષને થાય તેમ જાણે જ છે. આહાહા! આચાર્યદેવે અકર્તાપણું સિદ્ધ કરવા આંખના દ્રષ્ટાંતથી કેવો ન્યાય સિદ્ધ કર્યો છે. ૨૭૩.

∗ પર્યાયદ્રષ્ટિવાળો જીવ દયા–દાન, પૂજા–ભક્તિ, યાત્રા; પ્રભાવના આદિ અનેક પ્રકારના શુભભાવોનો કર્તા થઈ, બીજા કરતાં પોતે કાંઈક અધિક છે એવો અહંકાર કરતો થકો મિથ્યાત્વભાવને દ્રઢ કરે છે અને નિશ્ચયસ્વરૂપ મોક્ષમાર્ગને લેશમાત્ર પણ જાણતો નથી. ૨૭૪.

∗ પ્રશ્નઃ– તત્ત્વનું શ્રવણ–મનન કરવા છતાં સમ્યગ્દર્શન કેમ થતું નથી?

ઉત્તરઃ– ખરેખર અંતરથી રાગના દુઃખના થાક લાગ્યા નથી એટલે તેને વિસામાનું સ્થાન–શાંતિનું સ્થાન હાથ આવતું નથી. ખરેખર અંદરથી દુઃખના થાક લાગે છે તેને અંદરમાં જતાં વિસામાનું સ્થાન હાથ આવે છે. સત્યના શોધવાવાળાને સત્ય મળે નહીં એમ બનતું નથી. ૨૭૫.

∗ ભગવાને ઉપદેશ આપ્યો પણ શાસનનું શું થયું કે કોને લાભ થયો તે જોવા ભગવાન રોકાતા નથી. તેમ સમ્યગ્દ્રષ્ટિને પણ વિકલ્પ ઉઠયો ને વાણી નીકળી પણ કોને લાભ થયો, કેટલો લાભ થયો તે જોતા નથી. પોતાના આત્મામાં જોવે છે. ૨૭૬.

∗ ∗ ∗ ∗ ∗ ∗

## જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ

## શ્રી જૈન વિદ્યાર્થીઓ માટે અભ્યાસની સુંદર વ્યવસ્થા

ઉપરોક્ત બોર્ડિંગમાં ભેદભાવ રાખ્યા વગર જૈનધર્મના ત્રણે ફિરકાઓના ધોરણ–પથી ધોરણ–૧૨ (હાયર સેકન્ડરીના બીજા વર્ષ) સુધીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. નાપાસ થયેલાને દાખલ કરતા નથી.

અહીં હાઈસ્કૂલના લૌકિક અભ્યાસ ઉપરાંત વિદ્યાર્થીઓને શ્રી સનાતન દિગંબર જૈનધર્મનો પણ અભ્યાસ કરાવવામાં આવે છે. સંસ્થામાં ખોરાક શુદ્ધ, સારો, સાત્ત્વિક આપવામાં આવે છે.

પૂરી ફીનું ભોજનનું લવાજમ સખત મોંઘવારી હોવા છતાં માસિક ફકત રૂા. ૭૫/– અને ગરીબ વિદ્યાર્થીઓ પાસેથી ઓછી ફીનું માસિક ભોજન લવાજમ ફકત રૂા. ૫૦/– લેવામાં આવે છે.

તો દાખલ થવા ઈચ્છનાર વિદ્યાર્થીઓએ ૫૦ પૈસાની ટિકિટો બીડી તા. ૧૦–૫–૮૧ સુધીમાં પ્રવેશપત્રો તથા નિયમો મંગાવી તે વિગતવાર ભરી વાર્ષિક પરીક્ષાના માર્કશીટ સાથે રૂા. ૧/– ફોર્મ ફી મોકલી તા. ૨૦–૫–૮૧ સુધીમાં પરત બીડવી.

–પ્રમુખ/ઉપપ્રમુખ/ટ્રસ્ટીઓ,
શ્રી જૈન વિદ્યાર્થીગૃહ, સોનગઢ

## શ્રી ટોડરમલ દિગમ્બર જૈન સિદ્ધાંત મહાવિદ્યાલય જયપુર મેં
## પ્રવેશ–ઈચ્છુક છાત્ર ધ્યાન દેં

ગતાંકમેં મહાવિદ્યાલયમેં પ્રવેશ સમ્બન્ધી પ્રકાશિત વિજ્ઞપ્તિકે સન્દર્ભમેં જો છાત્ર પ્રવેશ હેતુ આવેદન કરના ચાહતે હોં વે નિમ્ન સૂચનાઓં પર વિશેષ ધ્યાન દેં તથા નિમ્નાંકિતમેંસે અપની વિશેષતાકા સપ્રમાણ ઉલ્લેખ અવશ્ય કરેં, જિસસે ઉન્હેં પ્રાથમિકતાકા લાભ મિલ સકે.

( ૧ ) સમ્પૂર્ણાનન્દ સંસ્કૃત વિશ્વવિદ્યાલય વારાણસીકી ઉત્તર મધ્યમા ( પ્રથમ વર્ષ ) ઉત્તીર્ણ છાત્રકો શાસ્ત્રી પ્રથમ વર્ષ મેં પ્રવેશ હેતુ વિશેષ પ્રાથમિકતા દી જાએગી.

( ૨ ) નિમ્ન પરીક્ષાઓમેં ઉત્તીર્ણ છાત્રકો ઉપાધ્યાય કક્ષા મેં પ્રવેશ હેતુ વિશેષ પ્રાથમિકતા દી જાએગીઃ–

( ક ) રાજકીય સંસ્કૃત કોલેજ કાશી વારાણસેય સંસ્કૃત વિશ્વવિદ્યાલય સંપૂર્ણાનન્દ સંસ્કૃત વિશ્વવિદ્યાલય વારાણસીકી પૂર્વ મધ્યમા પરીક્ષા.

( ખ ) બિહાર સંયુક્ત સમિતિ પટના–સંસ્કૃત વિશ્વવિદ્યાલય દરભંગાકી પૂર્વ મધ્યમા પરીક્ષા.

( ગ ) રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન નઈ દિલ્લીકી પૂર્વ મધ્યમા પરીક્ષા.

( ઘ ) હિન્દૂ વિશ્વવિદ્યાલય કાશી/ કાશી વિદ્યાપીઠકી પ્રવેશિકા પરીક્ષા.

( ङ ) પંજાબ વિશ્વવિદ્યાલયકી પ્રાજ્ઞ પરીક્ષા.

( ૩ ) હાઈસ્કૂલ/ સેકેન્ડ્રી સ્કૂલ અથવા ઈસકે સમકક્ષ બોર્ડ દ્વારા માન્ય પરીક્ષામેં ઉત્તીર્ણ છાત્રોંકો ઉપાધ્યાય કક્ષામેં પ્રવેશ હેતુ અભી તક વૈકલ્પિક સંસ્કૃત વિષયસે ઉક્ત પરીક્ષાએ ઉત્તીર્ણ કરના અનિવાર્ય થા. પરંતુ અબ વે છાત્ર ભી ઉપાધ્યાય કક્ષામેં પ્રવિષ્ટ હો સકેંગે, જિન્હોંને ઉક્ત પરીક્ષામેં માત્ર અનિવાર્ય સંસ્કૃત વિષય ભી લિયા હો.

( ૪ ) જિન છાત્રોંકા હાઈસ્કૂલ/ સેકેન્ડ્રી સ્કૂલ પરીક્ષામેં વૈકલ્પિક યા અનિવાર્ય કોઈ ભી સંસ્કૃત વિષય ન હો, વે પ્રવેશિકાકક્ષામેં પ્રવેશહેતુ આવેદન કરેં.

( ૫ ) કક્ષા ૯વીં મેં ઉત્તીર્ણ છાત્ર ભી પ્રવેશિકા કક્ષામેં પ્રવેશ હેતુ આવેદન કર સકતે હૈં.

નોટ– ( ૧ ) પ્રત્યેક ઈચ્છુક છાત્ર સુવાચ્ય અક્ષરોંમેં પ્રાર્થના પત્ર સહિત બોર્ડ દ્વારા ઉત્તીર્ણ પરીક્ષાઓંકી અંકતાલિકા અવશ્ય ભેજેં તથા સૂચિત કિયે જાને પર ફિરોજાબાદ ( ઉ૰ પ્ર૰ ) મેં આયોજિત શ્રી વીતરાગ–વિજ્ઞાન શિક્ષણ–શિક્ષણ શિબિરમેં અવશ્ય ઉપસ્થિત હોં.

( ૨ ) ઈસ વર્ષ માત્ર ૧૨ છાત્રોંકો પ્રવેશ દેના હૈ. અતઃ આવેદન પત્ર શીઘ્ર ભેજેં.

મંત્રી, શ્રી ટોડરમલ દિ૰ જૈન સિદ્ધાંત મહાવિદ્યાલય
એ–૪, બાપૂનગર, જયપુર ૩૦૨૦૧૫

# વિવિધ સમાચારઃ-

સોનગઢમાં રોજ નિયમિત રીતે સવારે જિનેન્દ્ર દર્શન-પૂજન, ત્યારબાદ શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર ૧૩મી વખતના ૧૯૬૧ના પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-રેકોર્ડિંગ પ્રવચન, બપોરે બ્ર. શ્રી ચંદુભાઈનું વાંચન, જિનેન્દ્રભક્તિ અને સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપકાર-મહિમાની ગુરુભક્તિ અને ત્યારબાદ પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૫-૧૫ વર્ષ પહેલાંના શ્રી છ-ઢાળા, શ્રી પરમાત્મપ્રકાશ ઉપરના પ્રવચનોનું ટેપ-રેકોર્ડિંગ વગાડવામાં આવે છે. આ રીતે અહીં નિયમિત રીતે આખો દિવસ સ્વાધ્યાય-ભક્તિની પ્રવૃત્તિ ચાલી રહી છે.

ફાગણ વદ ૧૦ના રોજ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૪૯મી સમ્યક્ત્વ-જયંતી ભક્તિભાવ પૂર્વક ઉજવાઈ. આ માંગલિક પ્રસંગે સ્વાધ્યાય-ભક્તિના દૈનિક કાર્યક્રમ ઉપરાંત પૂજ્ય ભગવતીમાતાના દર્શનનો અને માંગલિક અમૃતવચનનો લાભ મળ્યો હતો. આ પ્રસંગે ભાવનગરથી આખું મુમુક્ષુ મંડળ પ્રશમમૂર્તિ બહેનશ્રી ચંપાબેનના દર્શનાર્થે સોનગઢ આવ્યું હતું. આ શુભ-પ્રસંગે ૪૯ ના અંકમાં આવેલી દાનરાશિ વચનામૃતભવન ખાતે જાહેર કરવામાં આવી હતી.

ચૈત્ર સુદ ૧૦ ના રોજ શ્રી માનસ્તંભ પ્રતિષ્ઠા-મહોત્સવની ૨૯મી વર્ષગાંઠ પ્રસંગે શ્રી માનસ્તંભજીના પ્રાંગણમાં સવારે સમૂહ-પૂજન અને બપોરે જિનેન્દ્રભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

ચૈત્ર સુદ ૧૩ના રોજ ભગવાન શ્રી મહાવીર જન્મકલ્યાણ તેમજ પૂજ્ય ગુરુદેવશ્રીના કલ્યાણકારી પરિવર્તનની ૪૭મી વર્ષગાંઠ નિમિત્તે સમૂહ પૂજા, ભક્તિ શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિરમાં રાખવામાં આવેલ તથા રાત્રે પ્રવચન બાદ પરિવર્તનના સ્થળ 'સ્ટાર ઓફ ઈન્ડિયા' ના મુકામે સમૂહભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

### શ્રી પંચમેરુ-નંદીશ્વર-જિનાલય વિભાગની રચનાનો શિલાન્યાસ-સમારંભ તથા અધ્યાત્મદિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૯૨મો જન્મજયંતી-સમારોહ

અધ્યાત્મતીર્થ પ્રભાવક આપણા અસાધારણ પરમોપકારી દિવંગત પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની ૯૨ મી જન્મજયંતી આગામી વૈશાખ સુદ બીજ, તા. ૫-૫-૮૧ મંગળવારના દિને છે. જન્મજયંતીનો આ સમારંભ-ચૈત્ર વદ ૧૩ તા. ૨-૫-૮૧ શનિવારથી વૈશાખ સુદ ૩ તા. ૬-૫-૮૧ બુધવાર સુધી પાંચ દિવસનો રાખવામાં આવ્યો છે. સુવર્ણપુરીના પ્રાંગણમાં-પૂજ્ય ગુરુદેવની તીર્થોપમ અધ્યાત્મતપોભૂમિમાં-આ જન્મજયંતી-સમારોહ શ્રી પંચપરમેષ્ઠિ-મંડલવિધાન પૂજા વગેરે અનેકવિધ કાર્યક્રમ સહ ઊજવવામાં આવશે.

પૂજ્ય ગુરુદેવના પ્રભાવના–ઉદયના એક અંગભૂત એવા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નામાભિધાનવાળા જે ભવ્ય નિર્માણની પૂજ્ય ગુરુદેવને ઊંડી હાર્દિક ભાવના હતી તથા જેના શિલાન્યાસના શુભ પ્રસંગે પૂજ્ય ગુરુદેવે, પોતે ઉપસ્થિત રહી, શિલા તથા ઈંટો પર ‘સ્વસ્તિક’ વિધિ કરીને ‘માંગલિક’ સંભળાવ્યું હતું, તે ‘બહેનશ્રી ચંપાબેન વચનામૃતભવન’ ની યોજનાના રૂપમાં અભિવૃદ્ધિ કરીને ગુરુદેવશ્રી કાનજીસ્વામી સ્મારક યોજના અંતર્ગત ‘શ્રી પંચમેરુ–નંદીશ્વર જિનાલય ❈ગુરુદેવશ્રી કાનજીસ્વામી વચનામૃતભવન ❈બહેનશ્રી ચંપાબેન વચનામૃતભવન’ નામનું ત્રિવિધ એક પવિત્ર ધામ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. તેમાં ‘શ્રી પંચમેરુ–નંદીશ્વર જિનાલયવિભાગની રચના’ નો મંગલ શિલાન્યાસ વિધિ વિ. સ. ૨૦૩૭ વૈશાખ સુદ ત્રીજ, તા. ૬–૫–૮૧, બુધવારના શુભ દિને સવારે રાખવામાં આવ્યો છે. આ શુભ વિધિ પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પ્રશમવર્ષિણી મંગલ સમુપસ્થિતિમાં નૈરોબીનિવાસી મુમુક્ષુભાઈ શ્રી રાયચંદભાઈ દેવનભાઈ શાહના શુભ હસ્તે કરવામાં આવશે.

પંડિત ટોડરમલ સ્મારક ટ્રસ્ટ, જયપુર દ્વારા સંચાલિત પન્દ્રહવાઁ શિક્ષણ–પ્રશિક્ષણ શિબિર ઈસ વર્ષ ફિરોજાબાદ (જિલા આગ્રા, ઉ. પ્ર.) મેં દિનાંક ૨ જુન સે ૨૧ જુન. ૧૯૮૧ તક હોના નિશ્ચિત હુઆ હૈ. ઉક્ત અવસર પર ધાર્મિક અધ્યયન કરાનેવાલે અધ્યાપક બંધુઓકો એવં મુમુક્ષુ ભાઈઓકો શિક્ષણ–વિધિ મેં પ્રશિક્ષિત કિયા જાયેગા.

ઉક્ત શિબિર મેં આધ્યાત્મ જગત કે પ્રસિદ્ધ પ્રવચનકાર વિદ્વદ્વર્ય પં. લાલચંદભાઈ રાજકોટ, બાબુભાઈ મહેતા ફતેપુર, ડો. હુકમચંદજી ભારિલ્લ જયપુર, પં. રતનચંદજી શાસ્ત્રી જયપુર, પં. જ્ઞાનચંદજી વિદિશા, પં. નેમચંદજી પાટની આગ્રા કે પધારને કી સ્વીકૃતિ પ્રાપ્ત હો ચુકી હૈ. શ્રી યુગલજી કોટા કે પધારને કી ભી પૂરી સમ્ભાવના હૈ. ઈનકે અતિરિક્ત શિક્ષણ–પ્રશિક્ષણ મેં સહયોગ દેનેવાલે અનેક પ્રશિક્ષિત અધ્યાપક ભી પધારેંગે.

પત્ર–વ્યવહાર કા પતાઃ– શ્રી જયકુમારજી જૈન પ્રધાનમંત્રી, પન્દ્રહવાઁ શિક્ષણ–પ્રશિક્ષણ શિબિર C/o. સી. રાજ ગ્લાસ વર્કસ, પુરાની મંડી, ફિરોજાબાદ, જિલા–આગ્રા (ઉ. પ્ર.)



'શ્રી પંચમેરુ-નંદીશ્વર-જિનાલય
ગુરુદેવશ્રી કાનજીસ્વામી વચનામૃતભવન
બહેનશ્રી ચંપાબેન વચનામૃતભવન
N.C. SOMPURA

## ગુરુદેવનો અસીમ ઉપકાર

આ વિશ્વમાં ઉત્તમમાં ઉત્તમ પદાર્થ આત્મા છે અને એવો ઉત્તમ આત્મા જેણે આપ્યો તેના ઉપકારનું કથન જ જ્યાં બની શકતું નથી ત્યાં તેમના અપાર ઉપકારનો પ્રત્યુપકાર વાળવાનું કાર્ય તો અસંભવિત જ હોય તેમાં કાંઈ આશ્ચર્ય નથી. આશ્ચર્યની વાત તો એ છે કે જેમ જેમ પાત્ર જીવને કૃતજ્ઞતાની ઉગ્ર ભાવનાથી શ્રીગુરુ પ્રત્યે વધુ ને વધુ અર્પણતા આવે છે તેમ તેમ તે જીવ ઉપર શ્રીગુરુનો ઉપકાર વધતો જ જાય છે.

શ્રીગુરુનો ઉપકાર એક અદ્ભુત આશ્ચર્ય છે. જેમ જેમ તેમના પ્રત્યે વધુ અર્પણતા કરવામાં આવે તેમ તેમ તે પાત્ર જીવની પરિણતિ વધુને વધુ વિશુદ્ધતાને પામતી જાય છે, અને સાથે સાથે તે જીવ આશ્ચર્યકારી સાતિશય પુણ્યબંધને પ્રાપ્ત થાય છે. તે વિશુદ્ધ અને પુણ્યમાં સત્ પુરુષ જ નિમિત્ત છે. તેથી તેમના પ્રત્યે કૃતજ્ઞતાની ભાવનાથી જેટલી વધુને વધુ અર્પણતા કરવામાં આવે છે તેમ તેમ તે સત્ પુરુષ તેના આત્મહિતમાં વિશેષ વિશેષ નિમિત્તભૂત બનતા જાય છે. તે કારણથી તેઓશ્રીનો ઉપકાર તો વધતો જ રહે છે. તેથી તે વાત સિદ્ધ થાય છે કે આત્મદાતા શ્રી ગુરુનો પ્રત્યુપકાર કેવળ અસંભવિત જ છે. એવા અસીમ અને અકારણ કરુણાસાગર પરમોપકારી શ્રીગુરુ પ્રત્યે સર્વસ્વઅર્પણતા કરવી તે શિષ્યના હિતનું કારણ છે.

સત્પુરુષને શિષ્યની ભક્તિની કાંઈ જરૂર નથી. પરંતુ શિષ્યને જ્યાં સુધી અમાપ ઉપકારનું ભાન થઈને તેઓ પ્રત્યે ભક્તિ–અર્પણતા આવે નહિ ત્યાં સુધી તેઓશ્રીએ આપેલું જ્ઞાન પરિણમતું નથી. તેથી પોતાના સ્વહિતના અર્થે શ્રીગુરુ પ્રત્યે ભક્તિ–અર્પણતા આવે તો જ પોતાનું કલ્યાણ થાય છે–એવી વસ્તુસ્થિતિ છે.

શ્રી સદ્ગુરુજી મહિમા અપાર કે, હું શું કથી શકું રે લોલ...
આ શરીરની શીવડાવું ખોળ કે, બદલો નવી વળે રે લોલ..

સંપાદકઃ નાગરદાસ બી. મોદી ❈તંત્રીઃ ડો. ચંદુભાઈ ટી. કામદાર ❈પ્રતઃ ૩૨૦૦
પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ, પીનઃ ૩૬૪ ૨૫૦
મુદ્રકઃ મગનલાલ જૈન, અજીત મુદ્રણાલય, સોનગઢ ( વાર્ષિક લવાજમ રૂા. ૯–૦૦ )
આવરણઃ અશોક આર્ટ પ્રિન્ટરી, અમદાવાદ. ફોનઃ ૩૯૧૭૧૮, ૩૯૧૭૧૯